આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month


# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૬ • અંક : ૩
સળંગ અંક : ૧૦૨૭
જૂન-૨૦૨૬

## સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાના કર્મચારીઓની શૈક્ષણિક શિબિર - ૨૦૨૫-૨૬






સજુભા ઝાલા



જસ્ટીસશ્રી રવિભાઈ ત્રિપાઠી



શ્રી ભાસ્કરભાઈ પટેલ



શ્રી રાજેન્દ્રભાઈ દવે



શ્રી અતુલભાઈ ઘાડિઆ



અધ્યક્ષશ્રી દ્વારા મહેમાનશ્રીનું સ્વાગત



શિક્ષણમાં AI, શ્રી રાજેન્દ્રભાઈ દવે



શિક્ષણમાં પ્રવાસનું મહત્ત્વ, શ્રી સજુભા ઝાલા



વાચિકમ્ શ્રી નિશાબેન     કાવ્યરસ દર્શન શ્રી મૃણાલબેન

## શાસ્ત્રીય સંગીત સંવાદ





# ઘરશાળા

વર્ષ : ૮૬ જૂન ૨૦૨૬ અંક : ૩ સળંગ અંક : ૧૦૨૭

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | **સંપાદકીય** | |
| | અશોકભાઈ સોમપુરા | ૫ |
| ૨ | **ગઈકાલ અને આજ** | |
| | જ્યોતીન્દ્રભાઈ દવે | ૭ |
| ૩ | **સંઘર્ષનું સંતાન** | |
| | ઈશ્વરભાઈ પરમાર | ૯ |
| ૪ | **ગુમાંતકની ઝાંખી** | |
| | કાકાસાહેબ કાલેલકર | ૧૩ |
| ૫ | **ટાગોર અને ગાંધી** | |
| | પ્રમોદ કપૂર | ૧૮ |
| ૬ | **પડકાર માટે બાળકને સજ્જ કરતું પેરેન્ટિંગ** | |
| | મિત્તલ પટેલ ''પરિભાષા'' | ૨૦ |
| ૭ | **ચૂંટણી આવી શું શું લાવી?!** | |
| | વિનોબા ભાવે | ૨૧ |
| ૮ | **વાંચન ઝડપ વધારીએ** | |
| | ડૉ. ઈશ્વર વાઘેલા | ૨૫ |
| ૯ | **AI ટેક્નોલૉજી** | |
| | સ્નેહલકુમારી બારડ | ૨૭ |
| ૧૦ | **વતનપ્રેમી બળવંતભાઈ પારેખ** | |
| | પ્રવીણ મકવાણા 'ગાફેલ' | ૨૯ |
| ૧૧ | **'શ્રી રમણલાલ સોની' 'મસ્તરામ' લિખિત બાળવાર્તા સંગ્રહ** | |
| | પ્રા. ડૉ. મધુસૂદન વ્યાસ | ૩૩ |
| ૧૨ | **બેરફૂટ સાયન્ટિસ્ટ** | |
| | પ્રીતિ શાહ | ૩૫ |
| ૧૩ | **પુસ્તક પરિચય - બાળવાર્તાનું શાસ્ત્ર** | |
| | સંક્ષેપકાર : ઈશ્વરભાઈ પરમાર | ૩૭ |
| ૧૪ | **શિક્ષણ સમાચાર** | |
| | અશોક સોમપુરા | ૩૮ |

**સ્થાપક તંત્રીઓ**

હરભાઈ ત્રિવેદી

રઘુભાઈ નાયક, જશીબહેન નાયક

**તંત્રીઓ**

જ્યોતીન્દ્રભાઈ દવે

સજુભા ઝાલા

**સહતંત્રી**

અશોકભાઈ સોમપુરા

**વ્યવસ્થા અને સંકલન**

કે. ડી. પટેલ

ભૃગેશ તપોધન

**પરામર્શન**

અમિતાબહેન પાલખીવાલા

**ઘરશાળા કાર્યાલય સરનામું**


**સરસ્વતી વિદ્યામંડળ**

**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**

**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**

**ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭**

**મોબાઈલ : ૯૨૨૭૭૫૨૫૨૩, ૮૩૪૭૯૦૦૭૯૨**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છાપનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**


email : gharshala@saraswatividyamandal.org

website : www.saraswatividyamandal.org/publication


**લવાજમ અંગેની માહિતી**

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૨૫ | ₹ | ૨૨૫૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૬૦૦ | ₹ | ૬૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૧૦૦૦ | ₹ | ૧૦૦૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિકના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર-૯૨૨૭૭૫૨૫૨૩/૮૩૪૭૯૦૦૭૯૨ પર અચૂક જાણ કરવી.

ઓનલાઇન માધ્યમથી લવાજમ મોકલવા માટે :

બેંકનું નામ : બેંક ઑફ બરોડા

ખાતા નંબર : ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭

ખાતાનું નામ : ઘરશાળા માસિક

આઈ.એફ.એસ.સી. કોડ : **BARB0SARASP.** (Fifth character is zero)

# સંપાદકીય

- અશોકભાઈ સોમપુરા

## શાળાઓ ખૂલી... હવે શું??

માનવ જીવનમાં અનેક ઋતુઓ આવે છે અને જાય છે. ખાસ કરીને શિયાળો, ઉનાળો, ચોમાસુ પોતાના મૂળ સ્વરૂપને લઈને આવે છે. તેની સાથે સાથે ધાર્મિક તહેવારોની ઋતુ, રાષ્ટ્રીય તહેવારોની ઋતુ, લગ્નની મોસમ, પરીક્ષાની મોસમ અને તે જ પ્રમાણે શાળા સત્રનો પ્રારંભ થવાની ઋતુ. સામાન્ય રીતે જૂન માસમાં શાળા-મહાશાળાઓમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થાય છે. શાળાઓમાં અભ્યાસકાર્યની શરૂઆત થાય છે. ઘણી સારી શાળાઓ સત્રનો પ્રારંભ થાય તે પહેલાં વેકેશન દરમિયાન શાળાના વર્ગખંડો, ભૌતિક સુવિધાઓ, ફર્નિચરનું જરૂરી સમારકામ કરાવી શાળાનું સમગ્ર પરિસર રળિયામણું બનાવી દે છે.

શાળા શરૂ થાય તે પહેલાં વાલીઓ અને વિદ્યાર્થીઓમાં એક નવો જ ઉત્સાહ જોવા મળે છે. નવા ધોરણના પાઠ્યપુસ્તકો, નોટબુકો, ચોપડાઓ, જરૂરી સ્ટેશનરી અને શાળાકીય ગણવેશની તૈયારી ખૂબ જ ઉમંગભેર કરે છે. શાળા શરૂ થવાની આતુરતાપૂર્વક રાહ જોવાય છે. ધર્મ પ્રેમી મા-બાપ પોતાના પાલ્યને કંકુનું તિલક કરી, પ્રભુને પ્રણામ કરાવી શાળાએ મોકલે છે. આ સમયે બાળકનું મનોજગત ખૂબ જ આશાવાદી હોય છે. એક અનોખી શ્રદ્ધા સાથે તે શાળામાં પ્રવેશ કરે છે. શાળાકાર્યમાં તેને ખૂબ સરળતા મળી રહેશે તેવી તેને પાકી શ્રદ્ધા હોય છે. તેની ઈચ્છા મુજબનું વાતાવરણ અને પ્રોત્સાહન મળી રહે તો અભ્યાસમાં ખૂબ પ્રગતિ કરતો રહે છે.

**આરંભે શૂરા?**

આપણને એવો અનુભવ થયો હોય છે કે ઘણીય બાબતો કામના પ્રારંભે માણસ આરંભે શૂરો હોય છે. પછી સમય જતા તેનો ઉત્સાહ ઓસરતો જાય છે. ખાસ કરીને શાળાકીય કાર્યમાં આ બાબત વિદ્યાર્થીના વિકાસમાં ભારે રૂકાવટ લાવે છે. આથી આવો ઉત્સાહ સક્રિય રહે તે ઈચ્છવાજોગ છે. આવા ઉત્સાહને જીવંત રાખવા શિક્ષણશાસ્ત્રીઓની, આચાર્યો અને શિક્ષકો માટેની વાત ખૂબ ઉપયોગી થાય તેમ છે. તેઓ માને છે કે શાળાના દૈનિક કાર્યના પ્રારંભે આચાર્યશ્રીનું પ્રાર્થનાખંડનું વકતવ્ય ખૂબ પ્રેરણાદાયી હોવું ઘટે. તેમનું આ રોજનું વકતવ્ય એ

તેમનો સમગ્ર શાળા વિદ્યાર્થીઓ સાથેનો પહેલો તાસ છે. આ તાસ વખતે બાળક શાળા માટે વધારે આદર કરતો થાય અને તેને શાળા પોતીકી લાગે તેવી વાતો આચાર્યશ્રી પ્રાર્થનાખંડમાં કરે તે હિતાવહ છે.

શિક્ષકો પણ વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓના આપ્તજન બની રહે તેવો સંકલ્પ કરે અને સંકલ્પને વળગી રહે તો વિદ્યાર્થીના સાથેના તેના સંબંધો હૂંફાળા બની રહેશે. વિદ્યાર્થીને ધમકાવવાના હેતુથી પાડેલો પ્રભાવ થોડા સમય માટેનો જ હોય છે. પરંતુ જ્યારે તેને પ્રેરણા મળે તેવો સહકારયુક્ત પ્રભાવ શિક્ષક દ્વારા પાડવામાં આવે તો તે તેના મનમાં કાયમ માટે અંકિત થઈ જાય છે. શાળા-શિક્ષક અને જીવનના નાના-મોટા વ્યવહારમાં તેના સહકારનું વલણ ઉમેરાય છે. જે તેની સુખાકારી માટે ઉપયોગી બની રહે છે.

શાળાઓ ખૂલી હવે શું?? વાલીઓ આ બાબતને અગ્રતા આપે. મોટાભાગે એવું બનતું રહ્યું છે કે બાળકને અભ્યાસ માટેની પાઠયપુસ્તક માટેની અને તેને જરૂરી હોય તેવી સુવિધા પૂરી પાડી પોતાની જવાબદારી પૂર્ણ થઈ તેમ માને છે. પણ મા-બાપ પણ પોતાના પાલ્યને અભ્યાસની સાથે સાથે તેના સંસ્કાર-ઘડતરમાં પૂરેપૂરો સહકાર અવિરત આપશે તેવો નિર્ણય કરે એ ખૂબ જરૂરી છે. આવો નિર્ણય વર્ષ દરમિયાન સક્રિય રહેશે તો તેને પોતાના પાલ્યના વિકાસ માટે ઝાઝી ચિંતા કરવાની રહેશે નહિ. બાળકની શ્રદ્ધાને ઊભી રાખવાનો આ ઉપયોગી માર્ગ છે.

એક મા-બાપ તરીકે આપણે આ સમજવું પણ જરૂરી થઈ પડશે કે,

- પોતાના પાલ્યના વિકાસ માટે વાલીની સક્રિય ભાગીદારી વિના વિકાસની પ્રક્રિયા ઝડપી બની શકતી નથી. આથી શિક્ષણની અસરકારકતા વધારવા માટે શાળાકાર્ય સાથેની સક્રિયતા ઉપયોગી બની શકે છે. આથી શાળાકીય અભ્યાસની સાથે તેને અનુષાંગિક દરેક કાર્યમાં વાલી ધ્યાન આપે એ જરૂરી છે.
- વાલીએ એ પણ સમજવું રહ્યું કે જ્યારે જ્યારે બાળકમાં નકારાત્મક વલણની અસર દેખાય ત્યારે તે સમજવા અને તેને દૂર કરવા જરૂરી તકેદારી રાખે.

શાળા સત્રનો પ્રારંભ થયા બાદ સમગ્ર વર્ષ દરમિયાન ઉપરોક્ત બાબતોની સાવધાની રાખી સક્રિય રહે તે શિક્ષણ વ્યવસ્થાની સફળતા માટે કડીરૂપ સાબિત થશે.

તો આવો, શાળાના માધ્યમ થકી, આચાર્ય, શિક્ષક અને વાલીની સહકારયુક્ત સાંકળ દ્વારા વિદ્યાર્થીની પ્રગતિ અને તેના વ્યક્તિત્વને ઉજાગર કરીએ.

# ગઈકાલ અને આજ

- જ્યોતીન્દ્રભાઈ દવે

માનવ સ્વભાવ છે, ઘડપણમાં વિતેલા વર્ષોની યાદ સ્મૃતિ પર આવે જ. આવું જ કંઈક મારું છે. થોડા વર્ષોથી મને પણ માનસિક રોગ થયો છે. ગઈ સદીના ૫૦/૬૦ દાયકાનું સમગ્ર ભાવાવરણ મન પર સવાર થાય છે. અહીં જૂનું સારું અને નવું ખરાબ એવી સરખામણી કરવાનો મારો ઉદ્દેશ્ય નથી. મારા બાળપણ અને યુવાનીનું અમદાવાદ મારો પીછો નથી છોડતું. પ્રથમ વાત કરીએ અમદાવાદના તે સમયના - રસ્તા એકદમ શાંત, ઘોંઘાટ વગરના, લોકો મોટા ભાગે ફૂટપાથ પર જ ચાલે, વાહનોમાં સાયકલોનું પ્રમાણ વધુ, માટે પ્રદૂષણ પણ નહીં. ટ્રાફિક પોલીસ ઓછી, પણ ટ્રાફિક શિસ્ત વધુ. મને યાદ છે રાત્રે સાયકલ પર જઈએ ત્યારે કેરોસીનનો લેમ્પ કે સાયકલનો ડાયનેમો જરૂર ચાલુ કરીએ. જો લાઈટ ન હોય અને સામે પોલીસ હોય તો સાયકલ પરથી ઉતરી જઈએ.

એ વર્ષોમાં AMTSની બસોનું સંચાલન ખૂબ જ વ્યવસ્થિત થતું. બસ નિયમિત સમયે આવે જ. સ્ટેશન અને લાલ દરવાજાના બસ ટર્મિનલ પર બસ ખાલી થાય, કંડકટર કંટ્રોલર પાસે રિપોર્ટ લખાવે, બસ સ્ટેન્ડ પર બધા જ લાઈનમાં જ હોય. કંડક્ટર આવે પછી જ પેસેન્જર બસમાં ચઢે અથવા મોડું થયું હોય તો કંડક્ટર સૂચના આપે કે બધા બેસી જાવ પછી જ પેસેન્જર લાઈનથી બસમાં ચઢે. આવી સ્વયં શિસ્ત. રસ્તાના બસ સ્ટેન્ડ પર લોકો લાઈનમાં જ ઊભા રહે. બસ ઊભી રહે, પેસેન્જર બસમાંથી ઉતરે પછી જ પેસેન્જર લાઈનથી બસમાં ચઢે.

મ્યુનિસિપલ અને સરકારી ઑફિસો આજની જેટલી આધુનિક સગવડોવાળી નહીં, પણ સ્વચ્છ ખરી. સરકારી કામકાજમાં બાબુશાહી ખરી, પણ કામચોરી નહીં. મને યાદ છે, મારા દાદા સેનેટરી ઇન્સ્પેક્ટર હતા. તેઓ સવારે ૫:૩૦ વાગે પાલડીથી સાયકલ પર નિયમિત રીતે ખાડિયા કે જમાલપુરના મસ્ટર પર હાજર હોય જ. સવારમાં વોર્ડનો રાઉન્ડ નિયમિત લેતા. હોટેલ, રેસ્ટોરન્ટ વગેરેનું ઇન્સ્પેક્શન નિયમિત થાય જ. દૂધના અને ખાદ્ય પદાર્થોના નમૂના સમયાંતરે લેવાય જ. કોઈ લાંચ કે ભ્રષ્ટાચાર કરે તો તેની શરમ હતી. નિયમના પાલનનો આગ્રહ દરેક સ્તરે જોવા મળતો. ગુનાઓ ત્યારે પણ થતાં પણ તેને સજા મળતી અને સમાજમાં બદનામી થતી. ગુનો કરવો તે

શરમ ગણાતી.

મ્યુનિસિપલ હોસ્પિટલોના મકાનો મહાજન અને શ્રેષ્ઠીઓના દાનથી થયા હતા. વસ્તીના પ્રમાણમાં હોસ્પિટલો અને ડૉક્ટરોની સંખ્યા ઓછી, આધુનિક સાધનો અને યંત્રો નહીં, પરંતુ હોસ્પિટલના સ્ટાફ અને ડૉક્ટરોની ફરજ નિષ્ઠા અને શિસ્ત પરિસરમાં પ્રવેશતા જ જોવા મળે. હોસ્પિટલના પરિસરમાં બગીચો અને દર્દીઓને બેસવા માટેની સુવિધા. તેમજ સ્વચ્છતા ઊડીને આંખે વળગે તેવી હતી. આ સમગ્ર ચિત્ર આજે મન ઉપર ઉપસે છે. આરોગ્ય સેવાઓમાં તે સમયે વ્યાપાર પ્રવેશ્યો ન હતો. ખાનગી ડૉક્ટર અને કન્સલ્ટન્ટો હતા, પણ માનવીય અભિગમ જોવા મળતો. શહેરની પ્રાથમિક શાળાઓ (ધોરણ ૭) સુધીનું સંચાલન મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ દ્વારા થતું. મિલ મજૂરના બાળકો/વેપારીઓના બાળકો, મોટા સરકારી અમલદારો કે મિલ માલિકોના બાળકો તમામ મ્યુનિસિપલ શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવતા. હા તે સમયમાં ધોરણ-૫ પછીની શાળાઓ ટ્રસ્ટ સંચાલિત હતી. તેમાં પણ શહેરના તમામ વર્ગના બાળકો એક સાથે એક સરખું શિક્ષણ મેળવતા. મારા તે સમયના વિદ્યાર્થી જીવનની સુંદર વર્ગવિહીન શાળાઓ આજે પણ સ્મૃતિપટ પર છે.

મ્યુનિસિપલ શાળાના મકાનો સ્થાપત્યની દૃષ્ટિએ પણ ધ્યાન દોરે તેવા હતા. આજે પણ કેટલાંક મકાનો ઊભા છે. સમાજે બાળકોનાં શિક્ષણની સુંદર વ્યવસ્થા ઊભી કરી હતી.

તે સમયના અમદાવાદના શ્રેષ્ઠીઓને શિક્ષણમાં રોકાણ કરી વ્યાપાર કરવાનો વિચાર કેમ નહીં આવ્યો હોય?

હમણાં જ એક જાહેરાત વાંચી. - **''નેશનલ હાઈવે પાસે રોડ ટચ ૨૦૫૦ ચોરસ વાર જમીન અને ૧૫૦૦ વારના બાંધકામ અને ૨૪ રૂમોની સગવડ અને મેદાન ધરાવતી શાળા વેચવાની છે. કિંમત આશરે ૧૦ કરોડ''**

છેલ્લા ૭૫ વર્ષમાં આવેલું આ પરિવર્તન મનને ખિન્ન કરે છે. વિદ્યાના ધામોને આપણે વેચવા કાઢ્યા છે. એક મોટો ઉદ્યોગ બનાવ્યો છે. ત્યારે આવનાર સમાજનું સ્વરૂપ શું હશે, તેની ચિંતા ૮૦ વર્ષના વયસ્કને થાય તે સ્વાભાવિક છે.

૭૫ વર્ષમાં ઘણા પરિવર્તનો આવ્યા છે, પરિવર્તન એ જ જીવન છે. પરંતુ આરોગ્ય અને શિક્ષણમાં આવેલા પરિવર્તનો ભવિષ્યના નાગરિકોની ગુણવત્તા ઉપર શું અસર કરશે, તે વિચાર માંગે તેવો પ્રશ્ન છે. એવી આપણી શું મજબૂરી છે કે આરોગ્ય અને શિક્ષણને વેપાર તરીકે સ્વીકારીએ છીએ?

૮૦ વર્ષે  હું માત્ર વિચાર જ કરી શકું પરિવર્તન તો યુવાનોએ જ કરવાનું છે.

# સંઘર્ષનું સંતાન

- ઈશ્વર પરમાર

‘‘જો ભૈ, તું ભણ્યો તે બૌ ભણ્યો કે’વાય. મેં તો તુને ભણતાં વારેવારે વાર્યો, હવે તો તને કૈ દઉં કે વેશનાં લૂગડાં તૈયાર થૈ ગ્યાં છે ને તારો રાગેય સારો છે એટલે હવે ચોપડા ચૂલામાં નાખીને આવી જા બાપ-દાદાના ધંધામાં. બાકી ભણતરના નામે એક ફદિયુંય નૈં આલું હું. ભણવાની શાવકારી આપણને પોસાય ના!’’

પિતાનો આ નિર્ણય સાંભળીને તરુણ રત્તુ ધ્રૂજી ઊઠ્યો. અંતર વલોવાઇ રહ્યું : કોઇ મારા બાપુજીને સમજાવો; મારે ભવાઇના ધંધામાં નથી જવું. ભણવું છે મારે... મૅટ્રિકની પરીક્ષાનું ફોર્મ ભરવા માટે ઉછી-ઉધારાં કરીને પૈસા તો ભેગા કર્યા છે તોય આખ્ખા દસ રૂપિયા ખૂટે છે. બસ, આટલા પૈસા કોઇ અપાવો. મારે ભવાઇ કલાકાર નથી થવું.. મારે થવું છે તો શિક્ષક!

રત્તુ ઘરની પાટ પર પડી રહ્યો. રડી પડ્યો. માથે હાથ ફેરવતી મા પાસે અંતર ઠાલવ્યું. માતા ડાહીબહેને પડોશમાં જઈને દશ રૂપિયા લાવી આપ્યા. પિતા સાકળચંદની મરજી મુજબ રત્તુએ વેશ તો ન જ પહેર્યો ને છાતીએ ચોપડીઓ વળગાડી રાખી. છેક આજ લગી!

આજ લગી પંચોતેર વર્ષની વયે પણ અધ્યયન અને અધ્યાપનક્ષેત્રે કાર્યરત પ્રભાવી શિક્ષક અને સાહિત્યકાર રત્તુ તે રતિલાલ સાં. નાયકનો જન્મ તા. ૧-૮-૧૯૨૨ના કડી (જિ. મહેસાણા) મુકામે થયો હતો. શિક્ષણ અને સાહિત્યના અનિવાર્ય માધ્યમ તે શબ્દો માટેની તેમની સક્રિય ચાહત અને ચીવટને લીધે ગુજરાતમાં માનભર્યું સ્થાન ધરાવતા રતિલાલ નાયકની જીવનયાત્રાની સડક સંઘર્ષના અનેક અવરોધોથી ભરપૂર અને તેથી પ્રેરક રહી છે.

આમ તો પિતાજી સાંકળચંદનોય શો વાંક? ગરીબ સ્થિતિ અને લહેરી સ્વભાવ એમને દૂરનું દેખવા દે તો ને? એમનું કુલ જગત નાટકનું ને વારતાનું. વારતા તો એવી રસદાર ઢબે માંડે કે કલાકો સુધી સાંભળનાર સજ્જડબંબ ! કિશોર રત્તુ પણ એ સાંભળે ને એમાં ભૂતપ્રેતની વાતો આવે તેથી ફફડે : તોય વાર્તા ન છોડાય, ન તોડાય. વાર્તાના શોખે રત્તુને ચોપડીને ચાળે ચઢાવ્યો. બીક લાગે તેવું વાંચે ને જાસૂસીય વાંચે. વાચનની સાચી દિશા તો એણે જાતે જ શોધવાની હતી ને?

બીજા ધોરણમાં ભણતા રત્તુને એકવાર શિક્ષકે વર્ગમાં સવાલ પૂછ્યો. એનો જવાબ એણે બેઠાંબેઠાં આપ્યો. બાળકોએ ખી-ખી કર્યું. શિક્ષક ચિડાયા : ‘‘ઊભો થઈને જવાબ આપ!’’ રત્તુએ ઊભા થઈને પહેલાં આપેલો એ રીતે જ જવાબ આપ્યો. વર્ગમાં ફરી ખી-ખી થયું. ફરી સવાલ ને ફરી એ જ રીતનો જવાબ! ફરી સવાલ સાથે ઉમેરાયું - ‘‘હું તને સીધોદોર કરી દઈશ... ટાંટિયાં જેટલા ટેણિયાની આટલી

હિંમત?'' ફરી એવો જ જવાબ મળતાં રત્તુ પર આંકણી ઝીંકાઇ ગઈ. એ રડી પડ્યો. ડુસકાતાં ડુસકાતાં એણે કહ્યું, ''સાહેબ, મારી બો..ઓ...ઓ...લી... જ એવી છે. જી...ઈ...ઈ...ભ... અચકાય છે એટલે એ...મ થાય છે.'' શિક્ષકના હાથમાંથી આંકણી સરી પડી તે કહે : ''કાલથી નિશાળે જરા વે'લેરો આવજે.'' એ શિક્ષકે રત્તુના મોંમાં આંગળી મુકાવીને ઉચ્ચારણની તાલીમ આપી. તોતડાપણું દૂર થયું અને તે સાથે રત્તુને અંતરમાં ઊગવા માંડ્યું : હુંય આવો શિક્ષક થઈશ, ભણીગણીને.''

પ્રાથમિક શાળામાંથી હાઈસ્કૂલમાં ભણવા મોકલવાની પિતાની મરજી ન હતી. રત્તુ જાતે પ્રાથમિક શાળામાંથી લિવિંગ સર્ટિફિકેટ કાઢવીને હાઈસ્કૂલમાં દાખલ થયેલો. એકવાર હાઈસ્કૂલમાં એણે લહેરમાં આવી જઈને ભવાઈગીત લલકારેલું : 'મારે સાસરિયે જઈને કહેજો એટલડું, કહેજો એટલડું કે પ્રીતમજી આણાં મોકલે!' એ ગીત અધવચ્ચે અટકાવીને શિક્ષકે કાન પકડીને એવું 'આણું' આપ્યું કે બંધ થઈ ગયું ગાણું! પણ હાઈસ્કૂલમાં કલમ ચાલી તબડક્ તબડક્ ! અહીં તેથી લેખન હરિફાઈઓમાં એને ઈનામો મળતાં. બાળ-સામયિકોમાં વાર્તાઓ છપાતી. આમ હાઈસ્કૂલે હોંશ ઘણી વધારી. જેમતેમ કરીને મૅટ્રિકનું ફોર્મ ભર્યું.

હોંશ વધારતી મૅટ્રિકની વિદાય-સભામાં કોઈ શિક્ષકે કહેલું - ''નપાસ ભલે થવાય, પણ કૉલેજમાં એક વરસ તો ભણજો ને ભણજો.'' મૅટ્રિકમાં ગુજરાતીના વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર આ રત્તુને કોણ ભણાવે હોંશ અને હેતથી? બાપુજી ભણાવવા નહીં, પરણાવવા તૈયાર હતા!

એક શિક્ષકે રત્તુના કાનમાં ફૂંક મારી ''કશામાં ફસાવું નહીં, અબ્લી હાલ. તારે તો આપણું ગામ કડી છોડવાનું ને અમદાવાદ જઈને આગળ ભણવાનું!'' આમ શિક્ષકો ખેંચે ભણતરની ભવાઇ માટે અને બાપુજી ખેંચે જ્ઞાતિધંધાની ભવાઈ માટે!

બાપુજીની ભણતર માટેની ચીડ તો મૅટ્રિક પછી પણ નડતી રહી. અમદાવાદની એલ.ડી. કૉલેજમાં ભણવા ફીનો માંડ મેળ કર્યો. અમદાવાદમાં રહેતાં માસીને ઘેર રહીને ભણવાનું તો પાકું કરી જ લીધું હતું પણ વરસાદ વખતે જ છત્રી ના ખૂલે તેમ ટાણું આવ્યે માસીએ મોં ફેરવી લીધું ને નવયુવાન રત્તુ સામાન સહિત ખૂબ ચાલીને દૂરના કાકાને ત્યાં અમદાવાદ વિસ્તારના ચાંદખેડા રાતે પહોંચ્યો. રડી પડ્યો - ''કાકા, મારે ભણવું છે, માસીએ ભણવાને માટે રહેવાની હા પાડેલી પણ ફરી ગયાં. મારું શું થશે? પાછો કડી જાઉં તો વતનમાં હાંસી થાય... હવે શું કરું?''

દૂધ વેચીને ગુજારો કરતા ગરીબ કાકાએ તેને ઘેર રાખ્યો. દરરોજ ત્રણેક કલાક લગી ચાલીને કૉલેજ જવા-આવવાનું થતું. પછી છેવટે અમદાવાદમાં નાતની વાડીના મેડામાં રહેવાનો મેળ પડ્યો.

કૉલેજ-ફી ભરવાની પરેશાની તો સતાવતી જ રહી. આ કૉલેજિયનને તે નામે રતિલાલ

નાયકે એક જ ટંક જમીને દહાડા ગુજાર્યા; ને તેમાંય બેતાળીસની લડત આવી પડીને અભ્યાસ અટક્યો. હા, આમ છતાં ભણવાનો ઉમંગ અને ગરીબી બંને મજબૂત રહ્યાં!

પુત્રને ભણવામાં વિપરીત સંજોગોની વાતમાં બાપુજીને રસ નહીં. ભવાઈની વાત હોય તો ઝટ કાન ધરે. પુત્ર રતિલાલે કહ્યું, ‘‘બાપુજી, મારી કૉલેજના સાહેબ રામનારાયણ પાઠક ને ઝવેરચંદ મેઘાણી ભવાઈના વેશ જોવા ઇચ્છે છે તો તે દેખાડશો?’’

આના જવાબમાં એમણે હોંશે હોંશે ખાસ ખેલ ગોઠવ્યો. પણ એ ગોઠવણમાં થોડાક મહિના વીતી ગયા. તેવામાં ઝવેરચંદ મેઘાણીનું અવસાન થયું ને એકલા રામનારાયણ વિ. પાઠક કડી ગામે જઈ એ કલા માણી શક્યા.

યુવાન રતિલાલ નાયકે હવે અમદાવાદની એલ.ડી. કૉલેજને બદલે વડોદરા જઈ અભ્યાસ ચાલુ રાખ્યો. વાર્તા-નિબંધ ઉપરાંત છંદ-અલંકારમાં પણ એટલો જ રસ. છંદ પર કાબૂ દાદ માંગી લે તેટલો અને અધ્યાપક પર છાપ એવી કે...

- બન્યું એવું કે કૉલેજ-ક્લાસમાં કોઇએ છોકરીઓનાં નામ જોડીને ચાર કાવ્ય-પંક્તિઓ બ્લૅકબોર્ડ પર લખી દીધી. કોણે લખી આવી છંદોબદ્ધ કવિતા? પગેરું રતિલાલ લગી પહોંચ્યું તે સાથે જ અધ્યાપકે દૃઢતાપૂર્વક કહ્યું : ‘‘આ પંક્તિઓમાં છંદદોષ છે; આથી આ રતિલાલ નાયકે લખેલ ન જ હોય!’’ અને હકીકતેય તેમના રૂમ પાર્ટનરે મજાક માટે આ પરાક્રમ કર્યાનું બહાર આવ્યું!

જીવનના કોઈ પણ સમયે ને કોઈ પણ ક્ષેત્રે કોઈ નાયક (હીરો) થાય તો ખલનાયક (વિલન)નું પાત્ર કે પરિસ્થિતિના રૂપમાં ત્રાટકવાના જ વળી! તેમાં વળી રતિલાલ તો જન્મજાત નાયક! તેજોદ્વેષી પાત્રો ને ગરીબ પરિસ્થિતિ સામે ઝૂઝીઝૂઝીને ભણનાર રતિલાલ નાયકનું ઈન્ટર આર્ટસનું ભણતર અટક્યું. તેમણે કડી નોકરી માટે પત્ર લખ્યો. તે કાળમાં ઉત્તર ગુજરાતના કાશી ગણાતા તે વતન ગામ કડીના સર્વ વિદ્યાલયમાં શિક્ષકની નોકરી પામ્યા. સાથે અભ્યાસ પણ ઘેર રહી ચાલુ રાખ્યો.

રતિલાલ સાં. નાયકનો શિક્ષક તરીકેનો નૈતિક પ્રભાવ તેમના વિદ્યાર્થીઓ પર ગજબનો રહ્યો છે. એક વાર તાસના આરંભે વિદ્યાર્થીઓને કહ્યું, ‘‘હોમવર્ક ન કરી લાવ્યા હોય તે ઊભા થાય.’’ વર્ગમાં એક એવો વિદ્યાર્થી હતો કે જેણે હોમવર્ક કર્યું ન હતું છતાં તે ઊભો ન થયો. તાસ પૂરો થતાં તે પોતાના છાત્રાલયમાં ગયો. તેની ગભરામણનો તો પાર નહીં. કોકડું વળી ગયો! બધા તેની પાસે પહોંચ્યા ત્યારે કહે : ‘‘મારાથી જૂઠું બોલાયું; નાયકસાહેબ માફી આપે તો જ મને જંપ વળે!’’ બીજી વાત : શાળામાં થયેલા ફી-વધારા સામે રણે ચડેલા વિદ્યાર્થીઓ આચાર્ય દ્વારા નહીં; શિક્ષક રતિલાલ નાયક દ્વારા માન્યા ને વર્ગમાં બેઠા.

ગુજરાતી-સંસ્કૃતના આ ઉત્સાહી શિક્ષકને આચાર્યે પૂછ્યું, ‘‘વિદ્યાર્થીઓની જોડણી સુધારવા શું કરી શકાય?’’

''બુલેટિન-બોર્ડ પર દરરોજ ધ્યાનપાત્ર પાંચ શબ્દો હું લખતો રહીશ; વિદ્યાર્થીઓની નોટબુકના પાછળના પાને જોડણીના નિયમો છપાવ્યા હોય તોય કંઈક અસર તો થાય.''

આચાર્યે બે-ચાર અનુભવી શિક્ષકોને જોડણી અંગે લખી આપવા કહી જોયું. પણ છેવટે રતિલાલ નાયકે લખી આપ્યું. એમનું લખાણ નોટબુકના પાછળના પાને મૂકવામાં આવ્યું. બસ, ત્યારથી ભાષાશુદ્ધિ અંગેનો એમનો અભ્યાસ એટલો તો સંગીન થતો રહ્યો કે એમણે આ ક્ષેત્રે અનેક લેખો અને કોશના રૂપમાં નક્કર પ્રદાન કર્યું.

દરમિયાનમાં એમણે એક પ્રભાવી બાળસાહિત્યકાર તરીકેની નામના મેળવી હતી. કવિતા લખતા. પ્રસિદ્ધ સાહિત્યકાર ભોળાભાઈ પટેલ જેવા ભાવિ કલમધરને તે કાળે આઠમા ધોરણ વખતે 'સ્વપ્નદૃષ્ટા' પુસ્તક વંચાવીને તેના સત્ત્વને સંસ્કારનાર રતિલાલ નાયક હતા. ઉમળકાભેર શીખવતા શિક્ષકના ઉત્સાહનો ચેપ વિદ્યાર્થીઓને લાગ્યા વિના કેમ રહે? એમણે કેટલાય ભોળા ભાઈઓમાં સંસ્કૃત પ્રેમ અને સાહિત્યસૂઝ વિકસાવ્યાં. નામી સાહિત્યકાર ભગવત સુથાર આજેય એમણે શીખવેલી કવિતા 'લાલ પાની' સંભારે છે. તે વાર્તાકારમાં ધોરણ નવ વખતથી સાહિત્યના વટવૃક્ષનું બીજ રતિલાલે નાખ્યું હતું. ભગવત સુથાર કહે છે : ''યુરોપના સાહિત્યના વિશાળ પટમાં અમને રમતા કરી મૂક્યા તે આ માળી સામાન્ય ન હતો, વનમાળી હતો.''

રતિલાલ નાયકનો પેલો ઈન્ટર આર્ટસથી અટકેલો અભ્યાસ તો ચાલુ હતો જ. ભારે કસોટી થઈ. એકડે તગડે તેર વખત પરીક્ષાઓ આપ્યા પછી તેઓ ગ્રેજ્યુએટ થયા! તેઓ અભ્યાસ સારી રીતે ચાલુ રાખી શકે તેથી અમદાવાદની સી.એન. વિદ્યાવિહારમાં તેઓ શિક્ષક થયા હતા. એ નિમણૂક પણ કેવી ગજબની થઈ હતી!

તે પ્રસિદ્ધ સંસ્થાના સંચાલક અને સિદ્ધ કવિ 'સ્નેહરશ્મિ'ને રતિલાલ નાયકની કવિતાઓ ગમી હતી. તે સંસ્થામાં તેઓ જોડાયા તે સમયે મહાન કવિ ઉમાશંકર જોશી પણ હાજર રહ્યા હતા. તેઓ રતિલાલ નાયકનાં લખાણોને સત્કારતા અને સ્વીકારતા રહેતા હતા. આ ગાળામાં અંગ્રેજીના પ્રોફેસર અને શેક્સપિયરના અનન્ય અભ્યાસી પ્રોફેસર એસ.આર.ભટ્ટને તેમના લખાણકાર્યમાં સહાયભૂત થઈને રતિલાલભાઈ તેમનો સદ્ભાવ પામ્યા હતા.

ગ્રેજ્યુએશન પછી અભ્યાસ ચાલુ રાખીને તેઓ એમ.એ. થયા. અમદાવાદની બી.ડી. કૉલેજમાં અને પછી ભવન્સ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે બધું મળીને એમણે બાવીસેક વર્ષ સેવાઓ આપી. આ ગાળા દરમિયાન પણ સંઘર્ષમાં ખેંચી જતા પડકારો રતિભાઈને શોધતા અને ભેટતા; પણ તેમની સચ્ચાઇ અને સંનિષ્ઠાના શસ્ત્રો તેમનું માનભેર રક્ષણ કરતાં.

નિવૃત્તિ પછી રતિલાલ નાયકને ઘડીભર ભારે અસુખ અનુભવાયું - ભણાવવાનું અદ્ભુત સુખ સરકી ગયું ને તેથી! હવે એમણે પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રીતે ભણાવવા માટે

(અનુસંધાન પૃષ્ઠ ૧૭ ઉપર)

# ગુમાંતકની ઝાંખી

- કાકાસાહેબ કાલેલકર

પચીસ વર્ષ બાદ ગોવાની પુણ્યભૂમિનું મેં ફરી દર્શન કર્યું. મારા પૂર્વજોની એ કર્મભૂમિ હતી, એટલે મારે માટે એ પુણ્યભૂમિ છે જ. પરંતુ ભારતીય ઇતિહાસમાં પણ ગોવાનું મહત્ત્વ અપૂર્વ છે. સનાતની ક્ષત્રિયોએ અને જૈનોએ એની જાહોજલાલી અસાધારણ વધારેલી. બ્રાહ્મણોએ અહીં પોતાની તપસ્યાનો ચમત્કાર દેખાડ્યો હતો.

બે અવતારી પુરુષ પરશુરામ અને શ્રીકૃષ્ણે ગોવાના રમણીય પહાડો અને પવિત્ર નદીઓના સૌંદર્યનું પાન કર્યું હતું. પરંતુ આજ તો ગોવા ઈસાઈઓની ધધિતાના એક અવશેષના રૂપમાં જ આપણું લક્ષ ખેંચે છે. મુસલમાનો અને ઈસાઈઓ ત્યાં આપસ-આપસમાં પેટ ભરીને (કે ફાડીને) લડ્યા. હિંદુઓએ પોતાના ધર્મની રક્ષા અર્થે પૂર્ણ બલિદાન આપ્યું અને જ્યારે પોતાની આંતરિક કમજોરીઓના કારણે ઈસાઈ રાજસત્તાનો એમને સ્વીકાર કરવો પડ્યો ત્યારે પરાસ્ત પ્રજા પણ પોતાની સંસ્કૃતિનું રક્ષણ કઈ રીતે કરી શકે છે તેનો પરિચય અહીંની હિંદુ જાતિએ આપ્યો.

ભિન્ન જાતિના, ભિન્ન ધર્મના ને ભિન્ન સંસ્કૃતિના લોકો સાથે મળીને રહેવાની કળા જે લોકો નથી કેળવતા, તેમને એ પાઠ ઇતિહાસ વિધાતા જબરદસ્તીએ શીખવે છે અને વિવિધતામાં એકતા સ્થાપવાનો સમન્વયકારી જીવન સિદ્ધાંત બતાવી આપે છે. ગોવામાં એવું જ બન્યું છે.

દક્ષિણ ભારતના પશ્ચિમ કિનારા પર મહારાષ્ટ્ર અને કર્ણાટકની વચ્ચે ગોવા એક નાનકડો પ્રદેશ છે. સહ્યાદ્રિનાં ઉત્તુંગ શિખરો અને પશ્ચિમ સમુદ્રનાં મોજાંઓ આ પ્રદેશને એની કુદરતી સીમા બાંધી આપે છે. આજ લગભગ ચારસો સાડા ચારસો વર્ષથી અહીં પોર્ટુગલના કેથલિક ખ્રિસ્તી લોકોનું રાજ છે. વિજયનગરના સામ્રાજ્યનો ઉદય અને અસ્ત થયો. મરાઠાઓએ હિંદવી સ્વરાજ્ય સ્થાપન કરી એને છિન્ન ભિન્ન પણ થવા દીધું. અંગ્રેજોએ અહીં પોતાની વેપારી કોઠીઓનો પ્રારંભ કરી પોતાનું સામ્રાજ્ય દેશભરમાં ફેલાવી જોયું, પરંતુ ગોવામાં પોર્ટુગીઝ લોકોનું રાજ્ય હજી અબાધિત જ રહ્યું છે.

ફ્રાંસ નિવાસીઓએ હિંદમાં આવીને દરબારી રાજનીતિ ચલાવી. અંગ્રેજોએ વેપારી રાજનીતિથી બહોળો લાભ ઉઠાવ્યો. પરંતુ પોર્ટુગીઝ લોકોએ ધર્મ અને સંસ્કૃતિની દૃષ્ટિએ અહીંની પ્રજાને આત્મસાત્ કરવાની એકધારી નીતિ આજ સુધી ચલાવી છે. એ વાત જેટલી આશ્ચર્યકારક, તેટલી જ અધ્યયન યોગ્ય છે. જ્યાં સુધી એમનું ચાલ્યું ત્યાં સુધી પોર્ટુગીઝ લોકોએ આ દેશમાં કેવળ ઈસાઈ ધર્મ જ પ્રચલિત કરવાની કોશિશ કરી. અમુક ખાસ ભાગોમાં મંદિર કે મસ્જિદ રહેવાં જ ન જોઈએ એવા પણ નિયમો કર્યા ને એનું કઠોરતાપૂર્વક

પાલન કરાવ્યું. આજે પણ ગોવાની પ્રાથમિક શાળાઓમાં એવી રીડરો ચાલે છે જેમાં શીખવવામાં આવે છે કે પોર્ટુગલ આપણો સ્વદેશ છે. અને જ્યારે કોઈ રાષ્ટ્રીય વૃત્તિનો નવયુવક પોતાના પાદરી શિક્ષક મહાશયને સવાલ કરે છે કે 'તો પછી પોર્ટુગલથી આ ગેરમુલકમાં આપણે ક્યાંથી આવી લાગ્યા?'' ત્યારે એ ઈસાઈ વિદ્યાગુરુ બેજવાબ બની ગુસ્સે થઈ જાય છે! ગોવામાં આજે લગભગ અડધી લોકસંખ્યા ઈસાઈ છે, એમાં કશું આશ્ચર્ય નથી. કિંતુ અડધાથી વધારે જનતા દૃઢતાપૂર્વક કટ્ટર હિંદુ રહી છે એ વાત જ ધ્યાનમાં રાખવા લાયક છે. એવી હાલતમાં ત્યાં હિંદુ-ઈસાઈ વચ્ચે ઊંચાં મન રહે એ સ્વાભાવિક છે. રાજ્યકર્તાઓના મનમાં ગેરઈસાઈઓ માટે કોઈ સ્થાન જ ન હતું.

ઈ.સ. ૧૯૧૨માં જ્યારે પોર્ટુગલમાં રાજ્યક્રાંતિ થઈ ને ધર્મમાત્ર પ્રત્યે ઉદાસીન એવું લોકસત્તાક રાજ્ય સ્થાપિત થયું, ત્યારે ગોવાના હિંદુઓના ધાર્મિક દમનનો લગભગ અંત આવ્યો. પોર્ટુગલમાં પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થતાં જ ગોવાને સ્વરાજ પણ મળી ગયું! પરંતુ ગોવાની આમજનતામાં એને હજમ કરવાલાયક ન કોઈ શક્તિ હતી, ન બુદ્ધિ હતી કે ન કશી જાગૃતિ પણ. સંગઠનનું નામનિશાન સુદ્ધાં ન હતું. રાજનૈતિક કાર્યો માટે સંસ્થાઓ સ્થાપિત કરવી જોઈએ અને એને માટે નાણું એકઠું કરવું જોઈએ. ભિન્ન ભિન્ન સમાજો વચ્ચે હાર્દિક સંગઠન કરવું જોઈએ. પોતાના હકો પરત્વે જાગ્રત રહી પ્રસંગ આવ્યે રાજસત્તા સામે સંગઠિત રીતે પ્રજાકીય પદ્ધતિ અનુસાર લડત ચલાવવી જોઈએ વગેરે વાતોથી ત્યાંના લોકો તદ્દન અજાણ હતા.

આખરે ખુદ પોર્ટુગલમાં જ રિપબ્લિકનો અંત આવ્યો અને તાનાશાહીનો ઉદય થયો એટલે ગોવાની પ્રજા પહેલાં જેવી સ્થિતિમાં હતી એવી જ સ્થિતિમાં આવી પડી.

જો પોર્ટુગલની સરકાર ફક્ત પોતાનું હિત સમજે તોયે ગોવાની હાલત ઠીક ઠીક સુધરી શકે તેમ છે. પણ એ તો અનેક રીતે કેવળ અંધેર નગરી જ છે. ગોવાની જનતા ભારતવાસી જ છે. આપણે એક સમાજ છીએ. આપણા સામાજિક, આર્થિક અને વેપારવિષયક હિતસંબંધ એક જ છે. એવું હોવા છતાં ત્યાંનું રાજ્ય અલગ છે. ગોવાના લોકો આપણા જિગરના ટુકડા હોવા છતાં એક ભિન્ન રાષ્ટ્રની પ્રજા છે. બ્રિટિશ સરકારને પોર્ટુગલ વચ્ચે કેવળ મિત્રતાનો સંબંધ છે. જે હાલત પોંડિચેરી ને ચંદ્રનગરની છે એ જ હાલત ગોવાની પણ છે. (ગુજરાતને કિનારે આવેલ દીવ અને દમણ એટલાં નાનાં છે કે એમનો સવાલ અહીં છેડવાની જરૂર નથી.)

ગોવાના રાજનૈતિક આંદોલનમાં આપણે કોઈ હિસ્સો નથી લઈ શકતા. આપણી રાજ્યપ્રવૃત્તિનો પ્રત્યક્ષ લાભ ગોવાની જનતાને નથી મળી શકતો. કિંતુ ગોવાના સુખદુ:ખની બાબતમાં આપણે ઉદાસીન રહી શકીએ તેમ નથી. આપણે કાંઈ નહીં તોયે ત્યાંની પરિસ્થિતિથી વાકેફ તો રહેવું જ જોઈએ.

ગોવાનું કુદરતી સૌંદર્ય અનુપમ છે. ઉત્તરમાંથી કાશ્મીરના અને દક્ષિણમાં કેરળના સૌંદર્યને લઈ એ બંનેને મેળવીને જ જાણે કુદરતે આ ગોમાંતક પ્રદેશની રચના કરી છે.

રેલથી ગોવા જતાં તિનઈઘાટની વન્ય શોભા, પહાડોને છેદીને તૈયાર કરેલી સુરંગો ને છયે ઋતુમાં હર્યાભર્યાં દેખાતાં તેનાં છોડ-ઝાડ મનોહર છે જ. પરંતુ ત્યાંની કાળી નદીથી બનતો દૂધસાગરનો ધોળો ધોધ તો કેવળ ઉન્માદકારી છે. ગેરસપ્પાનો જોગનો ધોધ કદાચ દુનિયામાં સૌથી ઊંચો હશે. નાયગરાનો પ્રપાત સૌથી મોટો ને ભીષણ હશે; પરંતુ દૂધસાગર તો સૌથી વધારે મનોહર અને સૌંદર્યમૂર્તિ છે.

ગોવાની નદીઓ સમુદ્રની ખાડીમાં જઈ મળે છે ત્યાં નદી તથા ખાડીમાં એટલો મોટો ચક્રવ્યૂહ બન્યો છે કે જો ભરતીઓટની અનુકૂળતા સાચવીએ તો ગોવામાં કોઈ પણ એક ગામથી બીજા ગામ સુધી આપણે નાવડીમાં જ જઈ શકીએ એમ કહેવામાં અતિશયોક્તિ નહીં થાય. રેલના અને મોટરોના પ્રવેશને કારણે જ્યાં જ્યાં લોઢાના પુલ અને વજલેપ રસ્તા બની જવાથી ત્યાંની સ્થિતિ કંઈક બદલાઈ ગઈ છે ખરી; તોપણ ગોવામાં જ્યાં જઈએ ત્યાં પાણીની જળજંજાળ પોતાની શોભાથી ચિત્તને પુલકિત કરી જ દે છે.

નારિયેળ, સોપારી, કેળ, કાજુ, આંબા, ફણસ ને કોકમ આદિનાં ઝાડની શોભા એટલી તો ઘનગંભીર છે કે મનુષ્ય જાણે એમની રજાથી જ ત્યાં વસી શક્યો છે એવું લાગે. અને એમનાં ઝુંડ વચ્ચેથી જ્યારે હિંદુઓનાં મંદિરો કે ઈસાઈઓનાં ગિરજાઘરો પોતાનાં શિર ઊંચાં ઉઠાવે છે ત્યારે તો સૌંદર્યની પરિસીમા થાય છે, ને મોંમાંથી અનિરુદ્ધ ઉદ્‌ગાર નીકળી પડે છે કે ખરેખર આ દેવભૂમિ છે.

લોકોમાં પુરાણી કેળવણી જોકે ક્ષીણ થતી જાય છે તોપણ સાહિત્યનો શોખ ત્યાં ઓછો નથી. પોતાના સંગીત માટે તો ગોવા મશહૂર છે જ. નૃત્યકલા ને કારીગરીની પરંપરા આજ સુધી ત્યાં અક્ષુણ્ણ રહી છે. ગોવામાં જાગૃતિના યુગનો જ્યારે પ્રારંભ થશે ત્યારે પોતાની સંસ્કાર-સમૃદ્ધિને કારણે મહારાષ્ટ્ર કે મુંબઈ પ્રાંતમાં તે કદાચ અગ્રેસર બની જાય તો નવાઈ નહીં. છતાં ગોવાની વિશેષ શક્તિ તો એની આજ સુધીની વિપત્તિમાંથી જ એને મળવાની છે.

ગોવામાં પ્રભાવશાળી જનતા કૅથલિક પંથીય ઈસાઈઓની છે. ઈસાઈઓનું નામ લેતાં જ આપણી નજર સામે કોટપાટલૂન ને હૅટબૂટ પહેરનારી વ્યક્તિ ખડી થાય છે. પણ ગોવામાં હજારો ને લાખો એવા ઈસાઈ દેખાઈ આવે છે જે કમરમાં એક દોરી બાંધી તે પર એક મોટી રંગીન પછેડીની લંગોટી સિવાય બીજું કંઈ નથી પહેરતા. સમુદ્ર કિનારાની પડોશમાં રહેનારાંઓએ વધુ કંઈ પહેરવું પણ ન જોઈએ. એ લોકો ખેતી કરે છે. નારિયેળ, સોપારી આદિના બગીચા કરે છે, કાજુના ફળમાંથી શરાબ બનાવે છે, રવિવારે દેવળમાં જાય છે. ઈસાઈ થયાને સેંકડો વરસ વીત્યા છતાં વિવાહ સમયે પોતાની જાતિનો અને ગોત્રનો ખ્યાલ રાખવાવાળા લોકો પણ એમાં મળી આવે છે. કોઈ બ્રાહ્મણ - ઈસાઈ ચાલશે ત્યાં સુધી ભંડારી - ઈસાઈને પોતાની પુત્રી નહીં આપે. અગિયારશને દિવસે ઉપવાસ કરનારા ને ઘરમાં વિવાહ ટાણે મહાદેવજીને નારિયેળ ચડાવનારા ઈસાઈઓ પણ મેં મારા નાનપણમાં જોયા છે.

હવે તો આ ઈસાઈઓમાં શિક્ષણનો પ્રચાર

ખૂબ થયો છે. ગોવાના કેટલાયે ઈસાઈઓ પોર્ટુગલ અને ફ્રાંસમાં જઈ વસ્યા છે. પોર્ટુગીઝ આફ્રિકામાં તો ગોવાનીઝ ઈસાઈઓ ખૂબ મળે છે. મેં સાંભળ્યું છે કે અમેરિકા ને રશિયા સુધી આ લોકોએ પોતાની પ્રતિષ્ઠા જમાવી છે. આમાંના કેટલાક લોકો પોર્ટુગલને સ્વદેશ ને પોર્ટુગીઝ ભાષાને સ્વભાષા કહેવામાં પોતાનું ગૌરવ સમજે છે. આજે પણ એવા ઘણા દેશી ઈસાઈઓ ગોવામાં છે જે ઘરમાં કાં તો પોર્ટુગીઝ બોલશે અથવા તો અંગ્રેજી. અને છતાં ગોવામાં ઍંગ્લો-ઇન્ડિયન જેવી મિશ્ર પ્રજા નહીં જેવી છે!

થોડો વખત થયાં એમનામાં રાષ્ટ્રીયતાનો ખ્યાલ પેદા થવા લાગ્યો છે. હવે તેઓ હિંદુસ્તાનને જ સ્વદેશ માને છે ને 'કોંકણી'ને સ્વભાષા ગણે છે. બ્રિટિશ હિંદુસ્તાનના લોકોને સ્વરાજ માટે કોશિશ કરતા જોઈને ગોવાના લોકોમાં પણ સ્વરાજની ભૂખ જાગી છે. હિંદુ અને ઈસાઈ એક થવામાં જ સ્વરાજની આશા ફળીભૂત થશે એટલું એ જાણે છે. પરંતુ એ એકતા કેવી રીતે સ્થાપિત કરવામાં આવે એનો નિશ્ચિય એ હજુ સુધી નથી કરી શક્યા.

ગોવાના હિંદુઓને અને ઈસાઈઓને એક કરનારાં તત્ત્વ અસંખ્ય છે. પાદરીઓએ તો ઈસાઈઓને હિંદુઓથી અલગ રાખવાની પૂરેપૂરી કોશિશ કરી. હવે એમની અસર કંઈક ઓછી થવા લાગી છે. ભિન્ન ધર્મીય હોવા છતાં પણ એમનું લોહી એક છે. રહેણીકરણીમાં થોડો ફરક પડ્યો છે તોપણ બંનેની સંસ્કૃતિ એક જ છે. સામાજિક જીવનમાં અલગ અલગ રહેવાની આદત હોવા છતાં સાર્વજનિક જીવનમાં અને સામાન્ય વ્યવહારમાં આ બંને સમાજ અનેક રીતે ઓતપ્રોત છે. અને સૌથી જબરું સમાન બંધન તો એમની પ્યારી મધુરી બોલી કોંકણી છે. હિંદુસ્તાનની સઘળી ભાષાઓની અને બોલીઓની જો કસોટી કરવામાં આવે તો મધુરતામાં કોંકણી કોઈથી ઊતરતી નહીં નીવડે. એમાં સંસ્કારિતા છે; અર્થવાહિતા અસાધારણ છે; ઉપમા, રૂપક આદિ અલંકારોથી તે સંપન્ન છે. કોંકણીમાં કોઈ 'સવાર થઈ' એમ નહીં કહે. કહેશે કે પ્રભાત ફૂલી નીકળી છે.

વાચકોને સાંભળીને આશ્ચર્ય થશે કે કોંકણીની ગોવામાં એ જ હાલત છે જે ઉત્તર ભારતમાં હિંદીની છે. ગોવામાં હિંદુ લોકો જ્યારે લખે છે ત્યારે તે નાગરી અક્ષરોમાં લખે છે. એ જ ભાષાને ઈસાઈ લોકો જ્યારે લખે છે ત્યારે રોમન લિપિમાં લખે છે. હિંદુઓની કોંકણીમાં મરાઠી અને સંસ્કૃત શબ્દો અધિક હોય છે એથી એ શુદ્ધ સ્વદેશી જેવી લાગે છે. ઈસાઈઓની કોંકણીમાં દિવસે દિવસે પોર્ટુગીઝ ભાષાના શબ્દો વધતા જાય છે તેથી એ અભણ ઈસાઈઓ માટે પણ દુર્બોધ બનતી જાય છે. જે લોકો ગોવા છોડીને દક્ષિણમાં કર્ણાટકમાં જઈ વસ્યા છે એમની કોંકણીમાં કાનડી શબ્દો આવે છે એટલું જ નહીં પણ કોંકણીને કાનડી લિપિમાં લખવા ને છાપવામાં એ લોકો સગવડ દેખે છે.

ગોવાના હિંદુ લોકોમાં એક નાનકડો પક્ષ છે જે મરાઠીને કોંકણીની પ્રતિસ્પર્ધી માને છે. મરાઠીના પ્રચારમાં એ કોંકણીનો નાશ જુએ છે. કોંકણી પછી કોઈ શીખવાલાયક ભાષા હોય તો રાષ્ટ્રભાષા હિંદી જ છે એમ તે કહે છે. બીજો પક્ષ એવો છે જે કોંકણીને ખીલેલી ભાષાની પ્રતિષ્ઠા પણ નથી આપવા માગતો. છતાં આવી

પ્રતિકૂળ પરિસ્થિતિમાંયે કોંકણી અને મરાઠી બંનેનો વિકાસ થઈ રહ્યો છે ને રાષ્ટ્રભાષા હિંદી માટે પણ અનુકૂળ વાતાવરણ પેદા થઈ શક્યું છે. મને એ પસંદ છે.

ગોવાના ઈસાઈ લોકો મુંબઈથી માંડી મંગ્લોર સુધી ફેલાયેલા છે. એટલું જ નહીં, પણ હિંદુસ્તાનનો પશ્ચિમ કિનારો ને આફ્રિકાનો પૂર્વી કિનારો એમને સતત આકર્ષે છે. હિંદુસ્તાનના સ્વરાજનો પ્રશ્ન એમના સ્વજીવન માટે પણ બહુ મહત્ત્વનો છે અને એ કારણે ગોવાની રાજનૈતિક પ્રગતિનો સવાલ પણ એટલો જ મહત્ત્વનો છે. આપણે આશા રાખીએ કે બ્રિટિશ ભારતના પચાસ વરસના ઈતિહાસમાંથી ગોવાની જનતા પાઠ શીખે અને કોંગ્રેસની રીતિનીતિ એ કામ આદરી પોતાનો ઉદ્ધાર શીઘ્રાતિશીઘ્ર કરે.

---

**(અનુસંધાન પૃષ્ઠ ૧૨ થી ચાલુ)**

પોતાનું કલમકામ વધુ વેગવાન કર્યું. એમણે બાળસાહિત્યનાં એકસો જેટલાં પ્રકાશનો આપ્યાં. બાળકો માટેના તેમના પુસ્તક ‘ગીતા’ને એન.સી.ઈ.આર.ટી. નેશનલ ઍવોર્ડ મળ્યો. ભારતીય બાલશિક્ષા પરિષદે બાળસાહિત્યમાં વિપુલ પ્રદાન બદલ એમને સન્માન્યા. તેઓ પચાસથી વધુ પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં સહભાગી થયા. કૉલેજકક્ષાએ ઉપયોગી સંપાદનો પણ એમણે કર્યાં. દોઢસોની નજીકની સંખ્યા જેટલાં પ્રકાશનો આપ્યાં પછીય એમની કલમ તો હજુ સર્જનરત છે. વ્યાકરણ અને ભાષાવિજ્ઞાન તરફ એમનો ઝુકાવ વધ્યો છે. ‘જોડણી પ્રવેશ’ અને ‘ભાષાશુદ્ધિ’ જેવી પુસ્તિકાઓ અને ‘નાનો કોશ’, ‘ત્રિભાષા કોશ’ ને ‘નવો કોશ’ જેવા શબ્દકોશોનું કામ કરી એ ક્ષેત્રે એમણે ઊંચી નામના મેળવી છે.

ઉમળકાભેર ભણાવવાના સુખને જીવનનિધિ માનનાર આ શિક્ષકની નિષ્ઠાને સંનિષ્ઠ કેળવણીકાર પ્ર. ત્રિવેદીએ બળૂકી બનાવી હતી. કવિ-સાક્ષર ઉમાશંકર જોશીએ એમ.એ. કક્ષાએ કેવળ જોડણીનો ખ્યાલ આપવા માટે વર્ગમાં વીસ તાસ ખર્ચીને પરીક્ષા લીધી હતી તે ભાષાકીય ચીવટ રતિલાલથી હજુ ભુલાઈ નથી, અપનાવાઈ છે. સમાજસેવા પણ પંચોતેર વર્ષની પાકટ વયે પણ તંદુરસ્ત શરીરે એમના સક્રિય રસનો વિષય રહ્યો છે. શિક્ષણક્ષેત્રે પણ, હજુય સરકારી કર્મચારીઓને ભાષાનિયામકની કચેરી વતી રતિલાલભાઈ અવારનવાર ગુજરાતી શીખવતા રહે છે. એમને શ્રી ગિજુભાઈ બધેકા સુવર્ણચંદ્રક બાળસાહિત્યક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરવા બદલ એનાયત થયો. (૧૯૯૨)

જીવનની કેડી પરનાં ઝાંખરાં હટાવી-હટાવીને અનેકોના આદરણીય થયેલા આ રતિલાલ સાં. નાયકના પ્રખર વ્યક્તિત્વનાં લક્ષણો (ટ્રેઇટસ) ગણાવી આપું? સાદાઈ, જહેમત, ચીવટ, કાર્યસાતત્ય, ભાવુકતા, સહાયતત્પરતા અને સજગતા. આ ગુણ-માળા ગૂંથી આપનાર છે જીવન-સંઘર્ષ. સંઘર્ષના સંતાન રતિલાલ સાં. નાયક તો કહે છે કે શિક્ષકનું જીવન તો બાળકો ઝીલી લઈ શકે તેવું સ્વચ્છ હોવું જોઈએ.

આ સ્વચ્છ-સૌમ્ય શિક્ષકને ઝાઝેરી સલામ-અધિકાધિક આદર સહ.

# ટાગોર અને ગાંધી

- પ્રમોદ કપૂર

રવીન્દ્રનાથ ટાગોર અને ગાંધી પહેલવહેલા ૧૯૧૫માં મળ્યા. નોબલ પ્રાઇઝ વિજેતા ટાગોર તેમની મૌલિક, સર્જનાત્મક પ્રતિભા માટે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામ્યા હતા અને ઉત્કૃષ્ટ કક્ષાના કવિ તરીકે તેમની ગણના થતી હતી, જ્યારે તેમની સરખામણીમાં ગાંધી ભારતના સંદર્ભમાં તદ્દન નવાસવા હતા. ગાંધી દક્ષિણ આફ્રિકામાં નામ કમાયા હતા, પણ ટાગોરે બંગાળમાં સ્થાપેલ શાંતિનિકેતનમાં (શાંતિનું આવાસ) તેમની મિટિંગના માંડ બે મહિના પહેલાં જ ભારત આવ્યા હતા. ભારતની આઝાદીને ટેકો આપતા મિશનરી સી.એફ. એન્ડ્રુઝે આ મિટિંગ ગોઠવી હતી. ભારતીય સમુદાયને સહાયરૂપ થવા દક્ષિણ આફ્રિકા જવા માટે એન્ડ્રુઝને કહેવાયું હતું, જ્યાં તેઓ ગાંધીને મળ્યા હતા. તે વખતે ગાંધી એક યુવા વકીલ હતા.

ટાગોર અને ગાંધી એકમેકને અનુક્રમે ‘ગુરુદેવ’ (સૌથી ઉચ્ચ કોટિના શિક્ષક) અને ‘મહાત્મા’ કહીને સંબોધતા હતા. તેમની વચ્ચેની ચર્ચાઓ ખૂબ જ સમૃદ્ધ અને ફળદાયી હતી. કારણ ખાસ તો એ સમયગાળા દરમિયાન ભારતમાં ઘણાં નાટ્યાત્મક, સામાજિક અને રાજકીય પરિવર્તનો થઈ રહ્યાં હતાં.

એન્ડ્રુઝના સૂચનથી દક્ષિણ આફ્રિકાની ફિનિક્સ વસાહતના ૨૦ યુવા સભ્યોને શાંતિનિકેતનમાં રખાયા હતા તેઓ બધા ફિનિક્સ હતા, ત્યારે ગાંધીએ ઇન્સ્ટિટ્યૂટનાં બધાં વિદ્યાર્થીઓ અને ગુરુઓમાં સ્વચ્છતા જેવી ટેવોનું સિંચન કર્યું હતું અને ગાંધી રોજિંદાં કામો એ બધા પાસે જ કરાવતા હતા - ત્યાંની પ્રથા મુજબ પગારદાર નોકરો પર તેઓ આધાર રાખતા નહોતા. પણ ટાગોર તો છેવટે સામંત કે જાગીર પરિવારના હતા. આ ૧૯૧૫ની વાત છે અને આ પ્રૅક્ટિસ અલબત્ત, મુત્સદ્દીગીરીથી સ્વીકારી લીધી હતી. એટલું જ નહીં પણ દર વર્ષે ૧૦ માર્ચને ગાંધી દિન તરીકે ઊજવે (આ દિવસ સુધી આ પ્રથા ચાલુ છે.) ત્યારે બધા જ મદદનીશો અને નોકરોને એ દિવસની રજા આપી, શિક્ષકો અને વિદ્યાર્થીઓ જાતે રસોઈ બનાવી સાફસફાઈ પણ કરતા હતા.

વૈશ્વિક સ્તરે ટાગોરે ભલે માનપાન અને ખ્યાતિ પ્રાપ્ત કરી હોય, પણ એક વાત નિઃશંક છે કે ટાગોર, ગાંધીને એક સર્વોચ્ચ નેતા તરીકે ગણતા હતા. જોકે આધુનિક ભારતીય ઇતિહાસના વિદ્યાર્થીઓ; બંને વચ્ચે મંતવ્યો અને અભિગમમાં રહેલા મતભેદોથી સારી રીતે વાકેફ હતા. અસહકાર આંદોલનની શરૂઆતમાં ગાંધીને લખાયેલો ટાગોરનો એ જાણીતો પત્ર ભારત માટેના ભાવિ વિશે બંને વચ્ચેના પાયાના મતભેદોના પુરાવા તરીકે ઘણી વખત ટાંકવામાં આવ્યો છે. આ પત્રમાં ટાગોરે અસહકાર આંદોલનને ‘સાધુની સંયમવૃત્તિ’નું ગણાવીને તેને ‘ડરપોકપણાની જિયાફત’ કહી વખોડી કાઢ્યું હતું, જેમાં કોઈ અર્થહીન પાયમાલીમાંથી રસહીન આનંદ મેળવાય છે અને આ આધ્યાત્મિક આપઘાતનો પ્રયાસ છે. કાંતણના પ્રસારપ્રચારને ટાગોરે મોટો ‘રાજકીય

ધાગો' તરીકે ગણાવ્યો હતો. વિદેશી વસ્ત્રોની હોળી, વકીલોને કોર્ટોનો બહિષ્કાર કરવો અને વિદ્યાર્થીઓએ શાળા-કૉલેજોમાં નહીં જવું - જેવી ગાંધીની જનવાદી યોજનાઓ સામે ટાગોરે જાહેરમાં અસંમતિ વ્યક્ત કરી હતી.

અસહકાર આંદોલન બરાબર જામ્યું તે સમયગાળામાં સપ્ટેમ્બર, ૧૯૨૧ના પહેલા અઠવાડિયામાં ટાગોરે આવી જ એક અસંમતિ દર્શાવી હતી. ટાગોરના કલકત્તા ખાતેના નિવાસસ્થાન 'જોરાસાન્કો' ખાતે ગાંધી અને ટાગોર મળ્યા હતા અને 'અસંમત થવા સંમત એવા બે મિત્રો' તરીકે છૂટા પડ્યા હતા. આ મિટિંગમાં હાજર એકમાત્ર ત્રીજી વ્યક્તિ સી.એફ.એન્ડ્રુઝ હતા. બંધ બારણે આ મિટિંગ ચાલતી હતી તે જ વખતે 'જોરાસાન્કો' બહાર ગાંધીના ટેકેદારોએ ભેગા થઈ વિદેશી કપડાંની મોટી હોળી કરી હતી. આ જોઈ ટાગોરે ગાંધીને વરંડામાં લઈ જઈ કહ્યું, 'ત્યાં નીચે નજર નાખો અને જુઓ, તમારા અહિંસક અનુયાયીઓ શું કરી રહ્યા છે. ચિતપોર રોડની દુકાનોમાંથી તેમણે આ વિદેશી કાપડ ચોર્યાં છે, મારા પ્રાંગણમાં તેમણે હોળી સળગાવી છે અને હોળીની ચોફેર ફરીને પાગલ ફકીરની જેમ કિકિયારીઓ પાડી રહ્યા છે. આ શું અહિંસા છે?'' ઑક્ટોબર, ૧૯૨૧ના 'Modern Reviews' માં 'સત્યની હાકલ' શીર્ષક હેઠળ ટાગોરનો એક લેખ પ્રકાશિત થયો હતો, જેમાં તેમણે લખ્યું હતું, 'નિર્વસ્ત્રતાથી લજ્જિત અને ધ્રુજતી આપણી જ માતૃભૂમિની આંખો સામે કાપડનો ઢગલો કરી સળગાવવાનું વિચારી જુઓ. આપણાં વિદેશી વસ્ત્રો બાળવાનો આપણને આદેશ અપાયો છે. હું તો આ આદેશનો અમલ કરવા માટે અસમર્થ છું...'

ગાંધીએ આનો સજ્જડ જવાબ તેમના સામયિક 'Young India' માં આપતાં લખ્યું હતું : 'શાંતિનિકેતનના કવિએ હાલના આંદોલન વિશે 'Modern Reviews' માં એક સુંદર લેખ લખ્યો છે. તેમણે શ્રેણીબદ્ધ શબ્દચિત્રો દોર્યાં છે, જે માત્ર તેઓ એકલા જ દોરી શકે... મારાં વિદેશી કપડાં બાળવામાં હું મારી શરમ-લજ્જા બાળી દઉં છું. 'છેવટે તેમની મૈત્રી અને પરસ્પરનો આદર તેમના મતભેદો કરતાં ચઢી ગયાં.'

આમ, એ બંને વચ્ચે જાહેરમાં મતભેદો હોવા છતાં ટાગોર અને ગાંધી, વર્ષ ૧૯૪૧માં ટાગોરનું નિધન થયું, ત્યાં સુધી ગાઢ મિત્રો રહ્યા હતા. ટાગોરે 'મુક્તધરા' નામનું એક નાટક લખ્યું હતું, જેમાં નાયક ધનંજયમાં લગભગ ગાંધીનું પાત્ર ઉપસાવાયું હતું. નાટકમાં ધનંજયને સાધુ દર્શાવાયો, જે એક ક્રૂર રાજાના હુકમનો અનાદર કરે છે. અને રાજના કરવેરા નહીં ભરવા માટે પ્રજાજનોને અપીલ કરે છે. ઉત્તેજક અને અર્થપૂર્ણ લખાયું હોવા છતાં આ નાટક ક્યારેય ભજવાયું નહોતું.

ટાગોર-ગાંધીના સંબંધનું બંનેના ગાઢ મિત્ર ફ્રેન્ચ નિબંધકાર અને તત્ત્વજ્ઞાની રોમાં રોલાંએ ઊંડાણપૂર્વક વિશ્લેષણ કર્યું હતું. રોમાં રોલાંને (૧૯૧૫માં) સાહિત્યનું નોબેલ પ્રાઇઝ પણ મળ્યું હતું. માર્ચ, ૧૯૨૧માં ટાગોર અને રોમાં રોલાં મળ્યા તે વખતે બંનેએ ગાંધી વિશે બહુ ચર્ચા કરી હતી. ત્રણ વર્ષ પછી રોમાં રોલાંએ ગાંધી પર 'મહાત્મા ગાંધી' નામનું અત્યંત વખણાયેલું પુસ્તક લખ્યું હતું, જેમાં ગાંધી અને ટાગોર વચ્ચેના સંબંધોને 'પરસ્પર પ્રેમભાવ અને આદરભાવથી પ્રેરિત બે મહાન પ્રતિભાઓ વચ્ચેના વિવાદ' તરીકે વર્ણવ્યો છે.

# પડકાર માટે બાળકને સજ્જ કરતું પેરેન્ટિંગ

- મિત્તલ પટેલ ''પરિભાષા''

જીવનમાં બધું જ સમુંસૂતરું ક્યારેય પાર પડતું નથી, ક્યાંક આઘાતના પથરા પણ આવે છે, તો ક્યાંક સુખની રેલમછેલ, ક્યારેક 'સમજણ' કામ ન આવે તેવી ઉપાધિઓ આવે છે તો ક્યારેક મુશ્કેલીઓમાંથી અચાનક રસ્તાઓ કાઢી આપતા સંગાથ. 'એકધારાપણું' જીવનનો સ્વભાવ છે જ નહીં. આજના સમયમાં આપણે આપણાં બાળકોને આપી શકીએ તેવી શ્રેષ્ઠ વિરાસત છે, ''જીવન પડકારો સામે ઝઝુમવાની, ટકી રહેવાની, સ્થિર રહેવાની, સામનો કરવાની સજ્જતા.'' તે માટે બાળકને ''આપણે ઈચ્છીએ છીએ'' એવું નહીં, તે જેવું છે તેવું સ્વીકારવાની આપણી ક્ષમતાને કેળવવી પડશે. તે પોતાની જાતને સ્વીકારતો થશે, તો તેના પછીનો નેક્સ્ટ સ્ટેપ આત્મશ્રદ્ધાને તેનામાં પાંગરવાનું, ખીલવવાનું વાતાવરણ તેને મળશે. સતત સલાહોના મારાથી તેનો આત્મવિશ્વાસ વધુ સંકોચાશે.

આત્મશ્રદ્ધાના મજબૂત પાયા પર જ મજબૂત મનોબળનું ચણતર શક્ય બને છે. તે જ્યારે પોતાને ખામી ખૂબી સાથે સ્વીકાર કરતો થાય છે ત્યારે તેનામાં આત્મવિશ્વાસ ખીલે છે, પાંગરે છે અને મજબૂત બને છે. પણ તે ક્યારેય શક્ય છે? બાળકની બીજા બાળકો સાથે સરખામણી કરી, પોતાનાં વિચારો મુજબના તેમને ઘડવાનો વધારાનો બોજો આપીને, તે જેવો છે તેવો તેને ન સ્વીકારી તેને બદલવા માગતા હોય તેવું વાણી વર્તન અને વ્યવહાર કરતાં આપણે તેને એક સુખી, સમૃદ્ધ અને હેલ્થી માનસિકતા ધરાવતું, મજબૂત મનોબળ ધરાવતું વ્યક્તિત્વ આપી શકીશું ખરાં??

આપણે માતા-પિતા તરીકે બાળક માટે લાગણીના સૌથી મજબૂત આધાર હોઈએ છીએ અને આપણે જ તેની સહજ પ્રાકૃતિક જાતને, તેના સ્વતંત્ર વ્યક્તિત્વ અને તેના મૂળભૂત સ્વરૂપને ન સ્વીકારતા હોઈએ, તો તેનું બાળપણ અસમંજસમાં વિતશે. તે ન તો પોતાની જાતને સ્વીકારી શકશે, ન તો બીજા જેવો કે મા-બાપના વિચાર મુજબ બની શકશે. એનાં અપરાધભાવમાં વીતેલ બાળપણ પાસેથી તમે મજબૂત મનોબળવાળા વ્યક્તિત્વ ધરાવતા માણસ બનવાની અપેક્ષા રાખી શકો ખરાં??

ઈશ્વરે દરેક બાળકને અલગ સર્જ્યું છે, દરેક બાળકને વિશિષ્ટ સર્જ્યું છે. ઓરિજનલ અને ઝેરોક્ષ કોપીમાં જેટલો ફરક હોય છે, તેટલો જ ફરક ૩૬૦ ડિગ્રી એ ખીલેલ વ્યક્તિત્વ ધરાવતા માણસનું બળપણ અને જે નથી એ બતાવવા મથતા દંભના આંચળો ઓઢીને જીવન જીવતાં, લોકોની નજરમાં શ્રેષ્ઠ પણ એકધારાપણાથી જીવન જીવતાં, નીરસ વ્યક્તિત્વ ધરાવતા માણસમાં ફરક હોય છે. પહેલા પ્રકારના માણસ જીવન જીવંતતાથી જીવતા હોય છે. જીવનની દરેક પરિસ્થિતિના પડકારને તે ખેલદિલીથી જીલી લેશે. તે દુઃખી થશે, પણ તેમાં મય નહીં રહે. તેમાંથી તપી વધુ મજબૂત

(અનુસંધાન પૃષ્ઠ ૨૪ ઉપર)

# ચૂંટણી આવી શું શું લાવી?!

- વિનોબા ભાવે

આપણું પ્રજાસત્તાક ૭૫ વર્ષનું થયું. વિશ્વની સૌથી મોટી લોકશાહી અને સૌથી વધુ મતદારો, વિવિધ ધર્મો અને સંસ્કૃતિ તેમજ ભાષાઓ છતાં આપણું પ્રજાસત્તાક ધબકતું રહ્યું છે તે દરેક ભારતીય માટે ગૌરવનો વિષય છે. પ્રજાસત્તાકમાં ચૂંટણી એ પર્વ છે. ઉત્સવ છે. પરંતુ ચૂંટણી આવે ત્યારે વાતાવરણ કલુશીત થાય છે. રાજકીય પક્ષો ચૂંટણી જીતવા માટે સામ, દામ, દંડ, ભેદની રસમ અપનાવે છે. રાષ્ટ્રીય એકતાના તાણાં-વાણાં નબળા પડે છે તે ચિંતાનો વિષય છે. આ સ્થિતિમાં વિનોબા ભાવેનો આ લેખ આપણા માટે માર્ગદર્શક બની રહે તે જ અભ્યર્થના.

- તંત્રી

**રાજા રામની જય !**

આજે આપણે લોકશાહી વ્યવસ્થા સ્થાપી છે. તેમાં એમ માનીને ચાલીએ છીએ કે કોઈ એક કે અમુક વ્યક્તિ નહીં, પણ 'લોક' મુખ્ય છે. તેથી દરેકનો મત પૂછાવો જોઈએ, અને તે મત મુજબ રાજકાજ ચાલવું જોઈએ. એટલે 'લોક'નો મત જાણવાની એક પદ્ધતિ 'ચૂંટણી'ના નામે ઊભી કરવામાં આવી છે.

જો કે વહેવારમાં 'લોકો'ના મતની બહુ ઝાઝી અસર જણાતી નથી. આજે રાજકાજ જે રીતે ચાલે છે, તેમાં લોકમતનો ઝાઝો પ્રભાવ પડતો હોય એમ લાગતું નથી. લોકોને આ જે મતાધિકાર છે, તે નામ માત્રનો છે. જેવી રીતે ઘેટાં પોતાના ભરવાડને ચૂંટે, એવો જ આ અધિકાર છે.

અગાઉના જમાનામાં ચાલતું હતું - 'રાજા રામની જય!' બધું ધ્યાન રાજા રામ ઉપર કેન્દ્રિત કરવામાં આવતું. કમનસીબે આજે પણ આવું જ ચાલી રહ્યું છે! ખુરશી ઉપર કયો માણસ બેઠો છે, તેની જ અસર વધારે જણાય છે. અલબત્ત, એટલું થયું કે ખુરશી પર કોણ બેસે એ લોકો નક્કી કરે છે, અને તેને કાઢવો હોય તો લોકો આજે કાઢી શકે છે. લોકશાહીમાં વ્યક્તિને આટલું બધું મહત્ત્વ ન હોય. આને લીધે લોકોનું બધું ધ્યાન ત્યાં 'રાજા' કોણ બનશે, તેના પર કેન્દ્રિત થતું રહે છે. લોકશાહીમાંયે શું આપણે હજી આવી રીતે 'રાજા રામની જય' જ કર્યે રાખવી છે? આવા માનસમાંથી જ લોકશાહીમાં ક્યારેક કોઈક હિટલર પણ પેદા થઈ શકે છે, પ્રજાનો ચૂંટેલો હિટલર!

**વૉટની લ્હાય !**

લોકશાહીમાં આપણે બધા જ ભેદો નાબૂદ કરવા છે. બધા સમાન નાગરિક, કશાયે ભેદભાવ વિનાનો એક સહિયારો સમાજ. પરંતુ આજની ચૂંટણી પદ્ધતિએ તો અનેક ભેદોને ઉત્તેજન આપ્યું છે. તેણે આપણી જાતિપ્રથાને નવજીવન બક્ષ્યું છે. રાજા રામમોહનરાયથી માંડીને મહાત્મા ગાંધી સુધીના બધાએ જે જાતિવાદ ઉપર પ્રહાર કર્યો, તે જાતિભેદ આ ચૂંટણી પદ્ધતિથી ફરી ઊભો થઈ ગયો છે. આ ચૂંટણી-પદ્ધતિથી કોમવાદને પણ ઉત્તેજન મળ્યું છે. રાજકારણીઓ તો બસ એટલું જ જુએ છે કે પોતાને અને પોતાના પક્ષને વધુ ને વધુ વૉટ શી રીતે મળે. તેમ કરવા જતા જાતિવાદ ફાલતો હોય, કોમવાદ અત્યંત વકરતો હોય, તો તેની

એમને કશી પડી નથી. વૉટની લ્હાયમાં તેઓ ચારે કોર આગ લગાડતા ફરે છે.

આ ચૂંટણી-પદ્ધતિએ વળી એક નવો જાતિભેદ શરૂ કરી દીધો છે, અને તે પક્ષાપક્ષીનો કટ્ટર ભેદભાવ. જુદા જુદા પક્ષવાળા સાથે બેસી શકતા નથી, અને કાયમ એકબીજા ઉપર પ્રહાર કરતા રહે છે. આને લીધે ગામડે ગામડે તડાં પડી જાય છે, કાયમનાં વેર બંધાઈ જાય છે. વાતાવરણ એટલું ડહોળાઈ જાય છે કે ફરી ત્યાં બીજું કોઈ સારું કામ કરવાનુંયે મુશ્કેલ થઈ પડે છે. આવી પક્ષાપક્ષી ઊભી થઈ કે સમાજને આગ લાગી સમજો!

**મત્સરનું રાષ્ટ્રીકરણ !**

ખરું જોતાં, ચૂંટણી તો ખેલવાની હોય, રમવાની હોય 'ચૂંટણી લડવી' એમ ભલે કહેવાતું હોય, પણ ચૂંટણી લડવી નહીં, ખેલવી. તમે કુસ્તી નથી રમતા! કુસ્તીમાં પણ બે પક્ષ તો જોઈએ. પણ તેમાં લડવાનું નથી હોતું, રમવાનું હોય છે. ચૂંટણીમાં પણ આવી ખેલદિલી રાખવી જોઈએ, રમતના જેવી વૃત્તિ રાખવી જોઈએ. તેમાં લડવાની વૃત્તિ ન હોય. ખુન્નસભર્યા નહીં, પણ આનંદ-વિનોદના વાતાવરણમાં ચૂંટણી થવી જોઈએ.

પરંતુ આજે તો ચૂંટણી વખતે વાતાવરણ જ એવું કરી મૂકવામાં આવે છે કે ભલભલાનું માથું ઠેકાણે હોય તોયે ઠેકાણે ન રહે. નાનપણમાં મેં એક મરાઠી કવિતા સાંભળેલી : ''આત્મસ્તુતિ, પરનિંદા, મિથ્યાભાષણ કધી ન યેવો વદના'' - આત્મસ્તુતિ, પરનિંદા અને મિથ્યા ભાષણ એ ત્રણ ચીજ આપણા મોઢે કદી ન આવવી જોઈએ. મેં આ કવિતા નીચે લખી દીધું : ''અપવાદ - ચૂંટણી'' ચૂંટણીમાં આ ત્રણેય વસ્તુ ભરપૂર કરવી પડતી હોય છે.

ચૂંટણીનું ટાણું એટલે તો જાણે આત્મસ્તુતિ, પરનિંદા અને મિથ્યા ભાષણની પૂરબહાર મોસમ! દરેક જણ પોતે લોકોનું કેટલું કેટલું ભલું કર્યું છે, તેની સ્તુતિ ગાશે; બીજાઓ લોકોનું કેવું અકલ્યાણ કરી રહ્યાં છે, તેની ગાથા ગાઈને ભરપેટ નિંદા કરશે, અને લોકોને જાતજાતનાં મિથ્યા વચનો આપીને પોતાના માટે વોટ મેળવવા આકાશ-પાતળ એક કરશે!

તદુપરાંત, ચૂંટણીઓને કારણે મત્સરનું રાષ્ટ્રીયકરણ થયું છે, મત્સર દેશવ્યાપી થઈ ગયા છે. ગામેગામ હૃદયોના ટુકડા થયા છે, લોકો ભિન્ન ભિન્ન પક્ષોમાં વહેંચાઈ ગયા છે.

શક્તિઓનો સરવાળો નથી થતો, ભાગાકાર થાય છે. શક્તિઓ અંદરોઅંદર ટકરાઈને એમનો ક્ષય થાય છે. જુદા જુદા રાજકીય પક્ષો વચ્ચે જે વિરોધ છે તે તો જાણે છે જ, પણ પછી એક રાજકીય પક્ષની અંદરઅંદર પણ યાદવાસ્થળી જામે છે! સરવાળે, આને લીધે દેશનું ભારે નુકસાન થાય છે.

**થોડાક સુધારા થઈ શકે ખરા!**

આમ, આજની ચૂંટણી-પદ્ધતિની ઘણી મર્યાદાઓ છે. આમાં માત્ર મત ભેગા કરવા, એ જ જાણે ધ્યેય થઈ ગયું છે, ગમે તેમ કરીને મત ભેગા કરી નાખો અને સત્તા કબજે કરો! પહેલાં સત્તા મેળવવા સૈન્ય એકઠું કરવું પડતું હતું. આજે મત એકઠા કરવા પડે છે!

વળી, આ ચૂંટણી પદ્ધતિથી ઘણી બધી હાનિ થાય છે. અને છતાં છેવટે પાછા સારા માણસો જ ચૂંટાઈ આવશે કે કેમ, તેનોય કોઈ ભરોસો નથી. તેથી મૂળમાં આજની આ ચૂંટણીની પદ્ધતિ વિશે જ ગંભીરતાથી વિચાર કરવાની

જરૂર છે. તેમાં કેવા કેવા સુધારા થઈ શકે, તે પણ વિચારવું જોઈએ. આ ચૂંટણી-પદ્ધતિનો વિકલ્પ પણ શોધતા રહીએ અને તે માટે પ્રયોગો કરતા રહીએ.

આજ ને આજ આ ચૂંટણીની વ્યવસ્થામાં કેટલાક સુધારા-વધારા તાત્કાલિક કરવા જેવા છે અને કરી શકાય એવા પણ છે. કેટલીક નવી તંદુરસ્ત પ્રણાલી ઓ પાડવા જેવી છે.

એક સુધારો એ કરી શકાય કે ચૂંટણી-ઝુંબેશ દરમિયાન બધા ઉમેદવારોની જુદી જુદી સભાઓ થવાને બદલે બધાની એક મંચ સભા થાય. એક જ મંચ ઉપરથી બધા ઉમેદવારો પોતપોતાની વાત રજૂ કરે. આને લીધે ખોટી નિંદા-સ્તુતિ પર સ્વાભાવિક રીતે અંકુશ આવશે અને બીજાં પણ કેટલાંક દૂષણો ઓછાં કરી શકાશે. એવું પણ થાય તો સારું કે કેટલાક સારા ને પ્રામાણિક ઉમેદવારો સામે કોઈ પક્ષ પોતાનો ઉમેદવાર ઊભો ન રાખે. એવા કેટલાક ઉમેદવારો ધારાસભામાં ને લોકસભામાં બિનહરીફ જવા જોઈએ. તો સમાજમાં અમુક નૈતિક વજન ઊભું થશે.

હું તો એમ ઈચ્છું કે ૬૦ વરસની ઉપરનો કોઈ ઉમેદવાર ચૂંટણીમાં ઊભો ન રહે. ૬૦ વર્ષ સુધીનો હશે, તો પાંચ વરસની ધારાગૃહની મુદત પૂરી થતાં ૬૫ વરસે એ છૂટો થઈ જશે. સમાજમાં મોટામાં મોટો ન્યાયાધીશ પણ ૬૫ વરસે નિવૃત્ત થાય છે, તો રાજકારણી માટે પણ એવી વયમર્યાદા શું કામ ન હોય? હા, આપણા બંધારણમાં એવી કોઈ જોગવાઈ નથી, અને આવો કાયદો બનાવવાનીયે જરૂર નથી. પરંતુ આવો રિવાજ જ પડી જવો જોઈએ, એક નવી તંદુરસ્ત પરંપરા જ ઊભી થવી જોઈએ. મતદારો પણ ૬૦ વરસની ઉપરના ઉમેદવારોને મત ન આપે. આટલું થશે તો તેનાથીયે આજના રાજકરણની કેટલીક મુશ્કેલીઓ દૂર થશે.

પછી હું કહીશ કે, તમારામાં તાકાત હોય તો લોકોનો ઉમેદવાર ઊભો રાખો. દરેક ગામમાં એક એક ગ્રામસભા બનાવો. તે ગ્રામસભા એકી મતે પોતાનો પ્રમુખ કે મુખી ચૂંટી કાઢે. પછી મતદાર-ક્ષેત્રમાં જેટલાં ગામો હોય, તેના પ્રમુખો ભેળા થઈને સર્વાનુમતિથી એક જણને ઊભો કરે. સર્વાનુમતિ ન થાય તો ભારે બહુમતીથી ઊભો કરો. આ રીતે ઊભા કરાયેલા ઉમેદવારની સામે પડવાની કોણ હિંમત કરશે? આ કરી બતાવવાની તમારી તાકાત હોય, તો ઓછામાં ઓછા એક જિલ્લામાં આવું કરી બતાવો! એકાદ જિલ્લામાં આવું થશે, તો બીજા માટે અનુકરણીય ઉદાહરણ ઊભું થશે.

આ રીતે ઊંડાણથી ચિંતન-મનન કરવું પડશે અને તેને વ્યવહારમાં ઉતારવા ઘણું મથવું પડશે, અને ઘણા પ્રયોગો કરવા પડશે.

**સાચા અર્થમાં લોકોનું રાજ લાવી શકાશે?**

જો કે આ બધું કરીએ તો પણ એવી સભાનતા સાથે કરીએ કે ચૂંટણીને ગમે તેટલું મહત્ત્વ આપીએ, પણ આખરે એ કાંઈ એવી ચીજ નથી કે જેનાથી સમાજમાં બહુ મોટું પરિવર્તન થઈ જાય. એક વાત સમજવા જેવી છે. આ મતાધિકાર લોકો પર કશી જવાબદારી નથી નાખતો, ઊલટો મત લેનારને માથે જવાબદારી ઓઢાડી દે છે! લોકોએ તો મત આપીને તે વ્યક્તિ અને તે પક્ષને માથે જવાબદારી નાખી દીધી. બસ, હવે અમે ભલા અમારો કામધંધો ભલો! એટલે કે આ જે મત છે, તે પોતાનું કર્તવ્ય બીજાને સોંપી દેનારો છે. ચૂંટેલા

થોડા પ્રતિનિધિઓને વહીવટ અને સેવાની જવાબદારી સોંપી દેવી, પોતાની કશી જવાબદારી માનવી નહીં, એવી આ ચૂંટણીની પદ્ધતિ છે!

સમજવાની વાત એ છે કે સાચા અર્થમાં લોકશાહી વ્યવસ્થા આ રીતે સ્થાપી શકાશે નહીં. લોકશાહીનો મૂળ આશય એ છે કે લોકો એમ અનુભવે કે એમનું ભાવિ એમના પોતાના હાથમાં છે, બીજા કોઈના હાથમાં નથી. લોકોને પોતાની શક્તિનું ભાન થાય, લોકોમાં આત્મવિશ્વાસ જાગે આ જ તો લોકશાહીનો મૂળ આશય છે. એટલે ચૂંટણી આવી તો ભલે ખેલી લઈએ, પરંતુ મૂળમાં સાચા અર્થમાં લોકોનું શાસન શી રીતે લાવી શકાય, એ અંગે વિચારીએ.

- 'ભૂમિપુત્ર'માંથી સાભાર.

---

**(અનુસંધાન પૃષ્ઠ ૨૦ થી ચાલુ)**

બની શકશે. પાંગરી શકશે. જ્યારે જે નથી, તે બતાવવા મથતાં વ્યક્તિત્વવાળા માણસ તેનું ભ્રામિક વ્યક્તિત્વ ઘડીક પડકાર આવતા પડી ભાંગશે. તેમાંથી નીકળી તો શકશે, પણ વિખરાયેલા છિન્ન ભિન્ન થયેલ હૃદય સાથે. એટલે જ આજે જ્યાં ને ત્યાં બહારથી ખુશ દેખાતાં સામાજિક, આર્થિક રીતે સમૃદ્ધ દેખાતાં માણસ ભીતરથી એકલતા અનુભવતા, પીડા અનુભવતા અને સતત કંઈક ખૂટતું અનુભવવાવાળા હોય છે.

પ્રાકૃતિક રીતે જ બાળકને ખીલવા દો. પ્રકૃતિ તેને ખીલવાના અઢળક મોકા આપતી જ હોય છે. માત્ર આપણી સતત ટોકવાની, સતત સલાહ આપવાની વૃત્તિમાંથી પ્રયત્ન કરીને બહાર આવવું પડશે. તેને સજેશન આપી શકો. તું આ કામ આવી રીતે પણ કરી શકે છે, પણ પોતાના વિચારો, પોતાનું કામ કરવાની લઢણ, તેના પર થોપશો નહીં. કોઈ પણ બાબતમાં બાળક સાથેના સંવાદ થોડી વાક્યરચના બદલીને કરશો, તો ફરિયાદવિહીન, ટોકવાની વૃત્તિથી પર તેની સાથે સાયુજય સ્થાપશો તો બાળકના વ્યક્તિત્વનો સમગ્રતાપૂર્વકનો વિકાસ થશે. ''હાઉ ટુ લીવ ટુ ગેધર'' એ શીખી શકશે. જે આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે. બાળક યોગ્ય દિશામાં ખીલશે, તેનું વ્યક્તિત્વ પાંગરશે, તે ઘડાશે. તેને પડવાની બીકથી રમવા જ નહીં દો તો તે ઊભો થતાં કઈ રીતે શીખશે? તેને વહાલ અને પ્રેમ જ પુષ્કળ આપો. તેના બાળપણના નામ સફરમાં સધિયારો આપજો. રોજે રોજ તેની સાથે ગુણવત્તાસભર સંવાદ જાળવી રાખજો. તે મુક્તપણે પોતાની કોઈપણ વાત કહી શકે એવું ભાવાવરણ તેને ઘરમાં પૂરું પાડજો. તેને વ્યક્ત થવાના માધ્યમો પૂરા પાડજો. ''હું છું તારી સાથે'' તે ભાવ આપજો. જો આવું વાતાવરણ હશે તો બાળક પડતાં આખડતા, જાતે નાના નાના પ્રયોગો કરતાં, સ્વયંસૂઝથી મુશ્કેલીઓમાં રસ્તો કાઢતા શીખશે. તમે આપી શકો તો તેને અલગ અલગ જગ્યાઓના, પ્રકૃતિના, અલગ અલગ લોકોનાં સંપર્કમાં આવવાના, અલગ અલગ કળાના, નાના નાના પડકારોના, અનુભવો આપજો. પોતાનું નાનું નાનું કામ જાતે કરવાની સ્વતંત્રતા આપજો. ભલે તે થોડું અસ્તવ્યસ્ત કરે, ભલે તે થોડો સમય વધુ લગાવે. તેની સાથેના સંવાદના શબ્દો ટોકવાની વૃત્તિથી મુક્ત, ફરિયાદથી મુક્ત અને સરખામણીથી મુક્ત રાખો, તો સારા પેરેન્ટિંગની બધી દિશાએ ખુલી જશે.

# વાંચન ઝડપ વધારીએ

- ડૉ. ઈશ્વર વાઘેલા

વાંચે, સમજે, વિચારે, આચરે તે વિકસે. વર્તમાનકાળે તો વાચનનો દુકાળ પડ્યો છે. મોબાઈલ, કમ્પ્યૂટર, ઈન્ટરનેટ વગેરેને કારણે વાચન તરફની ગતિ ઘટી ગઈ છે. ઈન્ટરનેટ પરથી માહિતી મળે છે જ પછી વાંચવાની શી જરૂર? એવી ભાવનાથી વાચન ઘટી રહ્યું છે. અંગ્રેજી માધ્યમના ગોખણિયા વિદ્યાર્થીઓને ગુજરાતી વાંચતા જ નથી આવડતું.

વિદ્યાર્થીઓને વાંચન તરફ દોરી જવા શિક્ષકોએ વાંચવું જોઈએ. કારણ આચરણ વિનાનો ઉપદેશ સિદ્ધ થતો નથી. વળી જુએ તેવું કરે તે પણ લાગુ પડે છે. વિદ્યાર્થીઓનું વાંચન સંદર્ભે મન કેળવાય, મજબૂત બને તે માટે શિક્ષકો સહ વાલીઓએ સજાગતા કેળવવી પડે. જેનું વાચનમાં મન ના લાગે તેનું વાચન વેઠ ઉતારવા જેવું હોય. વિદ્યાર્થી વાચન તરફ દોરાય તે માટે ડૉક્ટરો, વકીલો, એન્જિનિયરો વાંચે તો જ વિકસે છે તે સમજાવવું જોઈએ. કારણ જો તેઓ વાંચે નહીં તો તેમના ક્ષેત્રમાં આવતાં પરિવર્તનોથી અજ્ઞાત રહેવાથી તેમનો વિકાસ અટકે છે. વાચનથી જીવનમાં પરિવર્તન લાવનારા મહાપુરુષોના ઉદાહરણો પણ આપવા જોઈએ. પ્રાર્થના સંમેલનમાં વાંચનથી શિક્ષકો વિકસ્યા હોય, પ્રાથમિક શિક્ષકથી પ્રોફેસર સુધી પહોંચ્યા હોય તેમની વાતો પણ કરવી જોઈએ. આમ વિદ્યાર્થીઓમાં વાંચન તરફના માર્ગદર્શનથી વાચનનું મહત્ત્વ સમજાતાં તેમનું મન વાચન તરફ દોરાશે - લાગશે તો વાચન ઝડપ ચોક્કસ વધશે.

વાચન ઝડપ વધારવા માટેના પ્રયોગો થયા છે તેમાથી સિદ્ધિ થયું છે કે અર્થગ્રહણમાં ઘટાડો થયા વિના વાચન ઝડપ વધારી શકાય છે. વાચન ઝડપ વધારવા શું કરવું તે અંગે વિચારીએ.

જો બાળક તૂટક તૂટક વાંચતું હોય તો તે સળંગ શબ્દ ઉચ્ચારીને વાંચે તે માટે મહાવરો કરાવવો પડે. દા.ત. 'ર...મ...ણ' તેમ એક એક અક્ષર વચ્ચે અટકીને વાંચે તેના બદલે 'રમણ' સળંગ શબ્દ વાંચે તે માટે પ્રથમ સરળ શબ્દોથી શરૂ કરીને કઠિન શબ્દોના ઉચ્ચારણોના વાચનનો મહાવરો કરાવવો જોઈએ. પછી બે શબ્દના સમૂહ, ત્રણ શબ્દના સમૂહને અટક્યા વિના વાંચવાનો મહાવરો કરાવવો જોઈએ.

જો બાળક શબ્દ છૂટા પાડીને... વધુ સમયનું અટક સ્થાન લઈને વાંચતા હોય તો સળંગ વાચન માટેના પ્રયાસો કરવા જોઈએ. દા.ત. છોકરા... રમત.. રમે... છે. તેમ વાંચે તેના બદલે 'છોકરા રમત રમે છે.' તેમ જરૂરી અટક સ્થાન લઈને વાંચવાનો મહાવરો કરાવવો જોઈએ. આમ શબ્દ... શબ્દસમૂહ પછી વાક્ય વાચન તરફ દોરવા જોઈએ.

જો બાળક હોઠ ફફડાવીને મૌખિક મૂકવાચન કરતા હોય તો તેને દૂર કરવા માટે બન્ને હોઠ વચ્ચે કોઈ પથ્થર કે ધાતુનો સપાટ

ટુકડો રાખીને, હોઠ ભીડી રાખીને, જીભને તાળવા સાથે જકડી રાખીને હોઠ ફફડાવવાની ટેવ ભુલાવવી જોઈએ. ટેવ ભૂલી જાય પછી સામાન્ય તરેહ અનુસાર મૂકવાચન કરાવવું.

જો બાળક ટેકે ટેકે એટલે લીટી ઉપર આંગળી મૂકીને કે પેન્સિલ કે પેન મૂકીને વાંચતા હોય તો તે ટેવ ભૂલાવવા માટે તેઓને અદબ વળાવીને, બે હાથે પુસ્તક પકડાવીને, બે હાથ એકબીજાને પકડી રખાવીને, હાથને કોઈ જગ્યાએ રાખીને કે વસ્તુ પકડાવીને વંચાવવું જોઈએ.

જો બાળક વાંચતી વખતે માથાનું હલનચલન કરતો હોય, તો બે હાથે માથું પકડાવીને, માથું સ્થિર રખાવીને, હાથથી પકડાવીને માથું સ્થિર રખાવીને, બે ગાલ ઉપર હાથ મૂકાવીને, માથું સ્થિર રખાવીને વાચન કરાવવું.

જો બાળક વાચન કરતાં કરતાં વચ્ચે શબ્દ ચૂકી જાય છે. તેને ખ્યાલ આવતા તે પુનઃવાચન કરે છે. તે દૃષ્ટિ સ્થિરતાના અભાવને કારણે તેમ કરે છે. દૃષ્ટિ સ્થિરતા કેળવવા કોઈ વસ્તુ પર, કોઈ શબ્દ પર, શ્વાસોચ્છ્‌વાસ પર મૌન રખાવીને દૃષ્ટિ સ્થિર કરાવવી જોઈએ. વિદ્યાર્થી વાચન તરફ વિશ્વાસ કેળવે તે પણ જરૂરી છે.

જો બાળક ઉલટ સૂલટ અક્ષરો કરીને, જોડણી દોષ કરીને વાંચે ત્યારે દૃષ્ટિભેદ થાય છે. અહીં પણ દૃષ્ટિ સ્થિરતા સાથે દૃષ્ટિભેદનો પ્રશ્ન છે. દૃષ્ટિભેદ દૂર કરવા અક્ષરોની ઓળખ સહ ઉચ્ચારણ સ્પષ્ટ બને તે જરૂરી છે.

જો બાળક વાંચતા વાંચતા એક લીટી વાંચ્યા બાદ બીજી લીટીને બદલે ત્રીજી લીટી વાંચે છે. તેનું કારણ છે પુનરાગમન દૃષ્ટિમાં તકલીફ. પુનરાગમન દૃષ્ટિ એટલે ડાબેથી જમણી તરફ વાંચ્યા બાદ પુનઃ ડાબી બાજુ આવવું. દૃષ્ટિને ડાબી બાજુ પુનઃ લાવવી. આ માટે પણ દૃષ્ટિ સ્થિતરતાની ખામી હોય છે. દૃષ્ટિસ્થિરતા કેળવવાના પ્રયાસો કરવા જોઈએ. આ માટે બે વસ્તુ સામે રાખીને એક વસ્તુ પરથી બીજી વસ્તુ તરફ દૃષ્ટિ લઈ જાય અને તે લઈ જવા કેટલો સમય લે છે તે જોવું. પછી વસ્તુ વધારતાં જઈને દૃષ્ટિ લઈ જાય અને તેનાં નામ બોલે તેમ મહાવરો આપવો.

જો બાળક ઠેકડા મારીને કે વધુ રૂકાવટો કરીને વાંચતો હોય તો એક શબ્દવાચન... બે... ત્રણ... ચાર... પાંચ... છ અવિરત શબ્દવાંચન કરાવવા. પછી નાના વાક્યોથી શરૂ કરીને મોટા વાક્યોના વાચનનો મહાવરો આપવો. સરળ વાક્યથી કઠિન વાક્ય વાચનનો મહાવરો આપવો.

વાચન ઝડપ વધારવા માટેના સાધનો પણ મળે છે. શાળાનું બજેટ મજબૂત હોય, દાનવીરો સહાય કરવા તૈયાર હોય, સરકાર ખર્ચ કરવા ઈચ્છતી હોય તો તે વસાવીને, તેનો ઉપયોગ કરીને વાચન ઝડપ વધારી શકાય. સાધનો નીચે જેવા છે.

- Tachsite scope • Metron-o-scope
- Reading films • Pereepto scope
- The controlled Reader film-strip projector

સૌ બાળકની વાચનઝડપ સુધારણા માટે પ્રયાસશીલ બનીને વાચન ઝડપ વધારીને વિદ્યાર્થીઓને વિકાસના પંથે લઈ જાય તેવી અભ્યર્થના.

# AI ટેક્નોલૉજી

- સ્નેહલકુમારી એલ. બારડ

Artificial Intelligence શબ્દનો જન્મ ૧૯૫૬માં અમેરિકાની કાર્ટમાઉથ કૉલેજ ખાતે યોજાયેલી કોન્ફરન્સમાં થયો. AIના પિતા 'જોન મેક્કાથી' ગણાય છે. તેમણે આ શબ્દ આપ્યો હતો. તે સમયે વૈજ્ઞાનિકોને લાગતું હતું કે મનુષ્યની બુદ્ધિ જેવી જ મશીન લર્નિંગ ક્ષમતા વિકસાવવી એ માત્ર થોડા વર્ષોનો ખેલ છે.

શરૂઆતના ઉત્સાહ પછી ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં સંશોધન અટકી પડ્યું. કારણ કે તે સમયના કમ્પ્યૂટર્સ એટલા પાવરફૂલ નહોતા તેમજ ડેટાની પણ અછત હતી. ૧૯૯૭માં IBM Deep Blue નામના સુપર કમ્પ્યૂટરે ચેસ ચેમ્પિયન ગેરી કાસ્પારોવને હરાવ્યા. જે એક ઐતિહાસિક વળાંક હતો. ૨૦૧૦ની આસપાસ 'ડીપ લર્નિંગ' અને 'બિગડેટા' ને કારણે AIને નવી પાંખો મળી.

૨૦૨૦ પછીનો સમયગાળો મહત્ત્વપૂર્ણ બની રહ્યો. ગુગલના વૈજ્ઞાનિકોએ 'ટ્રાન્સફોર્મર' આર્કિટેક્ચર વિકસાવ્યું. જેના કારણે મશીનો ભાષાને મનુષ્યોની જેમ સમજવા લાગ્યા. નવેમ્બર ૨૦૨૨માં ChatGTP (Opne AI) લૉન્ચ થયું. અત્યાર સુધીનું AI માત્ર તફાવત કરી શકતું હતું. પણ Generative AI નવો કન્ટેન્ટ બનાવી શકે છે. તે સંગીત બનાવી શકે છે. કવિતા લખી શકે છે. Software Code લખી શકે છે. Medical Scienceમાં પણ મદદરૂપ બની શકે છે.

૨૦૨૪ થી ૨૦૨૬ સુધીમાં AI હવે text પૂરતું મર્યાદિત ન રહેતા ઘણું બધું વિશ્લેષણ કરી શકે છે. તે ફોટા જોઈ શકે છે. અવાજ સાંભળી શકે છે અને વિડિયો પણ બનાવી શકે છે.

- એલેક્ષા, ગૂગલ અને સીરી તમને મદદ કરવા તત્પર, તૈયાર અને સક્ષમ છે.
- એમેઝોન, યૂટ્યુબ, નેટ ફિલક્સ અને બીજા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ ડિજિટલ અનુભવોને રીઇનફોર્સ કરતા રહે છે.
- જ્યાં જવું છે તેનો રસ્તો બતાવે છે, સમય જણાવે છે, ટ્રાફિક પેટર્ન બતાવે છે.
- AI તમારું Credit rating નક્કી કરે છે તેમજ શારીરિક, માનસિક અને આર્થિક તંદુરસ્તીનું પણ મોનીટરીંગ કરે છે.
- જોડણી અને વ્યાકરણમાં થતી ભૂલો સુધારે છે. Communicationમાં મદદ કરે છે.

- જો તમે કટાર લેખક બનવા માંગો છો તો તે માટે હવે તમારે એક હજાર પુસ્તકોની લાઈબ્રેરીની જરૂર નથી. AI તૈયાર જ છે. વિષય આપી દો, ભાષા જણાવી દો. કેટલા શબ્દો લખવાના છે તે જણાવી દો અને થોડી જ સેકન્ડોમાં તમારો લેખ તૈયાર.
- Corporate fieldમાં પણ AIનો વ્યાપ વિસ્તરતો જાય છે. e-mail કરવો છે? AI તૈયાર છે. ગણતરી કરવી છે? AI કરી આપશે. પસંદગી કરવી છે? AIને સોંપી દો.
- અને એટલે જ તો હવે ડૉક્ટરો પણ MRI reports કે X-rays AI ને બતાવીને ગણતરીની સેકન્ડોમાં રોગનું સચોટ નિદાન કરી શકે છે.
- શિક્ષણમાં પણ AIનો ઉપયોગ છાનો રહ્યો નથી. મેં સ્નાતક, અનુસ્નાતક અને Ph.D. લેવલના વિદ્યાર્થીઓ જોયા છે જે AIના ઉપયોગથી તૈયાર જવાબ શોધીને પરીક્ષા પણ પાસ કરી દે છે. Material પણ તૈયાર કરે છે.

ટેક્નોલૉજી ગમે તેટલી સારી હોય, તેની બીજી બાજુ પણ હોય છે. AI ટેક્નોલૉજી શીખવાડે છે, ટકાઉપણું નહીં. AI મૌલિકતાનો છેદ પણ ઉડાડે છે. અને એથી જ તો ઉચ્ચ ન્યાયાલયે પણ ટકોર કરવી પડી છે કે વકીલો પોતાના સાહિત્યમાં AIનો માત્ર સંદર્ભ તરીકે જ ઉપયોગ કરે. AIનો ઉપયોગ એક સોપાન તરીકે કરવામાં આવે તો તે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે. ક્ષણવારમાં ઘણીબધી માહિતી સચોટ રીતે આપે છે. પરંતુ AI પણ માનવ મસ્તિષ્કની જ ઉપજ છે. તમે જે Data Input કરો છો તેનો સંગ્રહ કરે છે અને તેમાંથી જ તેનું વિશ્લેષણ કરીને તમને Output તરીકે આપે છે. અને તેથી જ તો આપણે જ્યારે કોઈ કૃતિનું સર્જન કરવા માગતા હોઈએ, પછી ભલે તે સાહિત્યની હોય, કલાની હોય, વિજ્ઞાનની હોય, ગાણિતિક હોય કે અન્ય કોઈપણ ક્ષેત્રની હોય, તેમાં આપણે AIનો ઉપયોગ એક ઉદ્દીપક તરીકે કરીશું તો તેની ફલશ્રુતિ ઉત્તમ મળી રહેશે.

મશીન ભલે, સચોટ નિદાન કરે પણ ડૉક્ટરનો સહાનુભૂતિભર્યો વ્યવહાર AI ક્યારેય ન લાવી શકે. ક્યારેય માનવસંવેદના, પ્રેમ, અંતઃસ્ફૂરણા અને સમજની જગ્યા નહીં લઈ શકે. તે માત્ર એક સાધન છે. જેમ હારમોનિયમ, સિતાર, ગિટાર કે પિયાનો સંગીતકાર વગર સંગીત રેલી શકતો નથી. તેમ AI માનવ બુદ્ધિ વગર અધૂરું છે. ડૉક્ટર પાસે AI હોય પરંતુ દર્દીને બચાવવાની જીદ અને સંવેદના તેની પોતાની જ હોય છે. AI અને માનુષી સંવેદના - બંને તુલના ક્યારેય ન જ થઈ શકે.

# વતનપ્રેમી બળવંતભાઈ પારેખ

- પ્રવીણ મકવાણા 'ગાફેલ'

ગુજરાત રાજયના ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાની ધૂળને માથે ચડાવી વિશ્વના વ્યોમે લઈ જનારા ઉમદા વ્યક્તિ એટલે બળવંતભાઈ પારેખ. કળસાર ગામે જન્મ લઈ અતિ સંઘર્ષો વચ્ચે અડગ રહી પોતે પોતાના જીવન ઘડવૈયા બન્યા. મહુવા તાલુકાને શિક્ષણ-ખેતી-ઉદ્યોગ-પર્યાવરણ-તેમજ સંસ્કૃતિક વિકાસ માટે પોતાનું દિલ ખોલી કાર્યો કર્યા છે. મહુવાથી મુંબઈ સુધી સફર ખેડી આજે 'ફેવિકોલમેન' તરીકે વિશ્વમાં વિખ્યાત બન્યા છે. ખાસ કરીને પર્યાવરણ અને પ્રકૃતિ તેઓના હૈયે વસેલી હોવાથી આ ક્ષેત્રે મહુવાના ગામડાઓમાં અખૂટ કાર્યો કર્યો છે. આ કામ મહુવાના તમામ ગામડાઓમાં ખેડૂતથી લઈ હીરાઘસુ સુધી સૌને ખબર છે. બળવંતભાઈ વિશે કેટલીક સત્ય વાતો હું સંપાદિત કરી વાચકો માટે મૂકું છું. આ વાતો વિદ્યાર્થીઓ - ખેડૂતો - શિક્ષકો - વાલીઓ સૌને ઉપયોગી થશે.

બળવંતભાઈ પારેખ એટલે સુખનું સરનામું સમાધાનોમાં સુખનું સરનામું છે.

૧૯મી સદીના અમેરિકામાં ઓહાયો રાજ્યમાં મિલાન ગામમાં જન્મેલા એક બાળકને અંધકારથી ખૂબ જ ડરતો લાગતો હતો અને રાત્રે તે પોતાના ઘરમાંથી બહાર નીકળવાની હિંમત પણ નહોતો કરતો. તે નાનો હતો ત્યારે તેના ગામ પાસેથી એક નવી રેલવે લાઈન નંખાઈ હતી. તે અત્યંત જિજ્ઞાસાથી ટ્રેનના એન્જીનને જોઈ રહેતો. રાત્રે અંધારામાં તેને ટ્રેન પસાર થતી હોવાનો અવાજ સંભળાતો. તે દિવસે અખબાર વેચાતો હતો અને સમય મળે લાઈબ્રેરીમાં જઈને પુસ્તકો વાંચતો હતો. અંધારાના ડરના કારણે તેને શરૂઆતમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો અને ઘણી વખત તેના કામમાં નિષ્ફળ થવું પડ્યું હતું. એવી રીતે તે મોટો થયો હતો. તેનું દિમાગ એક સંશોધકનું હતું અને તેણે જાતભાતની ચીજો બનાવી હતી. તેમાંની એક હતી ટંગસ્ટન ફિલામેન્ટના ઉપયોગથી સળગતો લાઈટ બલ્બ.

જી, હા. ફિલામેન્ટની શોધ કરનારા આ બાળકનું નામ હતું થોમસ અલ્વા એડિસન. તેણે લગભગ ૧૦૦૦ નિષ્ફળ પ્રયાસો પછી બલ્બની શોધ કરી હતી. તેના સમયમાં, ગૅસ અને કેરોસીનથી ચાલતા બલ્બો ઉપલબ્ધ હતા, પરંતુ માથા પર લટકતો હોય અને ઓછા કરંટથી ચાલતો હોય તેવો બલ્બ બનાવાનું શ્રેય તેને જાય છે. ૧૯૩૧માં, ન્યુજર્સીમાં તેનું અવસાન થયું, ત્યારે તેના એ વિશાળ ઘરમાં દરેક રૂમ લાઈટ બલ્બથી ઝળીહળી રહ્યા હતા. એડિસનનો જન્મ અંધકારમાં થયો હતો અને મૃત્યુ પ્રકાશમાં થયું હતું.

**અંગ્રેજીમાં એક જૂની અને જાણીતી કહેવત છે; આવશ્યક્તા એ આવિષ્કારની જનની છે. માણસો જ્યારે જંગલમાં રહેતા હતા અને તેમને બચાવ કરવાની કે શિકાર કરવાની જરૂરિયાત મહેસુસ થઈ, ત્યારે તેમણે તીર-કામઠાં, ભાલા કે તલવારની શોધ કરી હતી. માણસોને જ્યારે પકાવેલું ખાવાની જરૂરિયાત ઊભી થઈ, ત્યારે તેમણે અગ્નિની શોધ કરી. તેમને જ્યારે એક જગ્યાએથી બીજી જગ્યાએ ઝડપથી જવાની જરૂર લાગી, ત્યારે તેમણે પૈડાંની રચના કરી. તેમને રાતનું અંધારું દૂર કરવાનું ઉપયોગી લાગ્યું, ત્યારે તેમણે દીવા, ફાનસ અને બલ્બનું નિર્માણ કર્યું.**

આપણા રોજિંદા જીવનનાં જેટલાં પણ આવશ્યક કાર્યો છે, તેની શોધ ત્યારે થઈ જ્યારે આપણને તેની જરૂરિયાતનો અનુભવ થયો હતો.

થોડા વખત પહેલાં, એક અંગ્રેજી સમાચારપત્રમાં, ફેવિકોલ બનાવતી કંપનીના ગુજરાતી માલિક બળવંતરાય પારેખનો પરિચય આવ્યો હતો. તેમાં એક સરસ વાત લખી હતી કે સામાન્ય રીતે અધેસિવ અને સીલન્ટ જેવાં કન્સ્ટ્રક્શન તેમજ ઇન્ડસ્ટ્રીયલ કેમિકલ બનાવતી કંપનીનો ઉલ્લેખ બહુ તો કોમર્શિયલ હેન્ડબુક્સમાં હોય અથવા સુથારીઓ કે મિસ્ત્રીઓને તેની ખબર હોય, પરંતુ બળવંત રાયની પિડિલાઈટ એક માત્ર એવી કંપની છે, જે તેની ફેવિકોલ અને એમસીલ જેવી બ્રાન્ડ્સ મારફતે માર્કેટમાં આગેવાન બની ગઈ એટલું જ નહીં, તેનું નામ ભારતમાં ઘરે ઘરે જાણીતું થઈ ગયું.

આજે કોઈને ખ્યાલ પણ ના આવે કે ઘેર-ઘેર છોકરાઓના સ્ટડી ટેબલોના ખાનામાં અચૂક જોવા મળતી ફેવિકોલની ટ્યુબ, એક સમયે મુંબઈના સુથારીઓને ધ્યાનમાં રાખીને બનાવામાં આવી હતી. ફેવિકોલને આટલું માન-પાન આપવાની આ સિદ્ધિ બળવંતરાયે તેમની આગવી માર્કેટિંગ શૈલીથી હાંસલ કરી હતી. ૭૫ વર્ષ થઈ ગયાં એ વાતને. ૧૯૫૯માં તેમણે આ કંપનીની શરૂઆત કરી હતી અને આજે તે ૭૦૦૦ કરોડની બની ગઈ છે. તેમનું ફેવિકોલ રોજના ૨૯ કરોડનું વેચાણ કરે છે. ફેવિકોલની આ મજબૂતી પાછળ એક ગુજરાતી સાહસિકનું ભેજું છે. કોણ છે આ બળવંતરાય પારેખ?

ગુજરાતના ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાનાં કળસાર ગામે ૧૯૨૫માં જન્મેલા બળવંતરાય કલ્યાણજી પારેખનો પરિવાર ઈચ્છતો હતો કે તેઓ વકીલ બને. તેઓ કાયદાનો અભ્યાસ કરવા માટે મુંબઈ આવ્યા હતા. અહીં તેઓ મહાત્મા ગાંધીના પ્રભાવ હેઠળ આવ્યા હતા. કાયદાનું તો ભણ્યા, પણ વકીલ ના બન્યા. તેમણે ભારત છોડો આંદોલનમાં પણ ભાગ લીધો હતો. આ દરમિયાન, તેઓ લાકડાના વેપારીની કચેરીમાં પ્યૂન બન્યા, જ્યાં તેઓ તેમની પત્ની સાથે વેરહાઉસમાં રહેતા હતા. પરંતુ આ બળવંતરાય પોતાનો વ્યવસાય શરૂ કરવા માંગતા હતા. તેથી તેમણે મોહન નામના રોકાણકારની મદદથી પશ્ચિમી દેશોમાંથી ભારતમાં સાયકલ, સોપારી અને કાગળના

રંગોની આયાત કરવાનો વ્યવસાય શરૂ કર્યો.

આ કામની વચ્ચે એક જર્મન કંપની હોચેષ્ટ તેમના સંપર્કમાં આવી. એમાં બળવંતભાઈને જર્મની જવાની તક મળી. ત્યાં તેઓ ઘણું શીખ્યાં. જર્મનીથી પરત ફરીને તેમના ભાઈ સાથે ડાયકેમ ઈન્ડસ્ટ્રીઝ નામની કંપની શરૂ કરી. તેમની કંપની મુંબઈમાં જેકબ સર્કલ ખાતે રંગો, ઔદ્યોગિક રસાયણો, રંગદ્રવ્ય મિશ્રણ એકમના ઉત્પાદન અને વેપારમાં સંકળાયેલી હતી. તેમણે લાકડાં વચ્ચે ઘણો સમય પસાર કર્યો હતો. તેમણે જોયું હતું કે લાકડાંને ચોંટી રહેવામાં બહુ સમય લાગે છે. તે જોતા હતા કે ફર્નિચર બનાવતા સુથારીઓને એમાં બહુ અગવડ પડતી હતી અને તે જે ફર્નિચરો તૈયાર કરતા હતા તેનાં લાકડાં જલ્દી ઉખડી પણ જતાં હતાં. આ સમસ્યા અને સંઘર્ષ એમના જીવનને નવો રંગ આપે છે. એટલે તેમણે એક એવો ગુંદર બનાવવાનું શરૂ કર્યું જે અંતે ફેવિકોલ નામથી પ્રખ્યાત થયો. ફેવિકોલ આવી તે પહેલાં, ફર્નિચર ચોંટાડવા માટે પ્રાણીઓની ચરબીમાંથી ગુંદર બનાવવામાં આવતો હતો. એમાં સુથારનો આખો દિવસ જતો હતો. તે પછી પણ તે ટકાઉ નહોતો અને તેમાંથી દુર્ગંધ આવતી હતી. બળવંતરાયે આ સમસ્યાના ઉકેલ વિશે વિચાર્યું હતું.

ફેવિકોલે લાકડાનું કામ કરતા કારીગરોના કામને સરળ બનાવી દીધું. બળવંતરાયે સૌથી પહેલાં ફેવિકોલને સીધું સુથારને વેચવાનું શરૂ કર્યું હતું. આની પાછળનો તેમનો તર્ક એવો હતો કે ગ્રાહકો જ્યારે સોફા, ટેબલ અથવા દરવાજો ખરીદે અથવા બનાવડાવે, ત્યારે તેમને એને એ ચિંતા નથી હોતી કે તેમાં કયો ગુંદર વાપર્યો છે. તેઓ તો સુથાર કહે તે સામાન લાવી આપતા હતા અથવા સુથાર જે સૂચવે તે ચલાવી લેતા હતા.

બળવંતરાયને ખ્યાલ આવ્યો કે આ ધંધામાં સૌથી મહત્ત્વની કડી સુથાર છે. સુથારને જો સાધી લઈએ તો ફેવિકોલનું બજાર ઊભું થાય. એટલે તેમણે સુથારીઓને નિશાન બનાવ્યા અને એક એક સુથારીઓ સુધી ફેવિકોલ પહોંચાડ્યું. ધીમે ધીમે, તેમની આ રીત સફળ થઈ અને ફેવિકોલ માટે એક મોટું બજાર બની ગયું.

બળવંતરાય સુથારીઓને ખુશ રાખતા હતા. તેમની સાથે બેઠકો કરતા, તેમને ચા-નાસ્તો કરાવતા, તેમને યાત્રાસ્થળોએ મોકલતા, તેમના માટે પતંગ સ્પર્ધા યોજતા. તેમણે એ રીતે સુથારીઓને નવા પ્રકારના ગુંદરનો ઉપયોગ કરવાનું શીખવાડ્યું હતું. તે તેમની પાસેથી ફીડબેક પણ મેળવતા હતા. એકવાર એક સુથારીએ તેમને કહ્યું કે ફર્નિચર પર પાણી લાગે તો સમસ્યા થાય છે, ત્યારે તેમણે ફેવિકોલ મરીને બનાવ્યું. સુથાર સાથે મળીને તેમણે નવું ઉત્પાદન શરૂ કર્યું અને તેના દ્વારા તેનું માર્કેટિંગ કર્યું. પાછળથી કંપનીનું નામ બદલીને પિડિલાઈટ કરવામાં આવ્યું હતું. કંપનીએ તે પછી ક્યારેય પાછળ વળીને જોયું નહીં. બદલાતી દુનિયા સાથે, ફેવિકોલથી લઈને ફેવિકવિક સુધીની ચીજો બનાવવાની શરૂઆત થઈ. આ ઉપરાંત કંપની એમસીલ જેવી ઘણી પ્રોડક્ટસ બજારમાં લાવી હતી.

પિડિલાઈટ કંપનીની વેબસાઈટ પર, બલવંતરાયના પરિચયમાં લખવામાં આવ્યું છે કે તેમને મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું એક વિધાન ગમતું હતું; હું દિવસમાં અનેક વખત મને યાદ કરાવું છું કે મારું આંતરિક અને બાહ્ય જીવન બીજા જીવિત કે મૃત લોકોના પરિશ્રમ પર નિર્ભીત છે, અને મારે એટલા જ પ્રમાણમાં પાછું આપવા માટે પ્રયાસ કરવો જોઈએ જેટલા પ્રમાણમાં મને પ્રાપ્ત થયું છે અને હજુ થઈ રહ્યું છે. ૧૯૩૪માં જર્મનમાં અને ૧૯૫૪માં અંગ્રેજીમાં પ્રકાશિત, આઈન્સ્ટાઈનના પુસ્તક 'ધ વર્લ્ડ એઝ આઈ સી ઈટ'માં આ વિધાન છે. આઈન્સ્ટાઈન તેમાં એમ કહેવા માંગતા હતા કે માનવજીવનની બુનિયાદ પારસ્પરિક સંબંધ અને નિર્ભરતા છે. કહેવાય છે કે બળવંતરાય માનતા હતા કે અંગત જીવન હોય કે વ્યવસાયિક, તે એકબીજાના સહકાર અને આદાનપ્રદાન પર જ પ્રગતિ કરે છે, અને તેમની ફેવિકોલ બ્રાન્ડ પણ ચીજવસ્તુઓને જોડવાનો દાવો કરે છે. વ્યક્તિનું હોય કે વસ્તુનું, જીવન અંતે તો આવી જુગલબંધીઓનું જ પરિણામ છે. તેમને સુથારીઓની સમસ્યામાં અવસર દેખાયો હતો.

બળવંતરાય પારેખની આ કહાનીમાંથી એક મહત્વનો બોધપાઠ એ છે કે જીવનમાં અવસરો અને સફળતા સમસ્યાઓને ઓળખવામાં અને તેનાં ક્રિએટિવ સમાધાનો શોધવામાંથી આવે છે. બળવંતરાય પહેલા માણસ હતા જેમણે સુથારીઓને નડતી ગુંદરની સમસ્યા જોઈ હતી. કોઈપણ બિઝનેસ અંતતઃ તો લોકોની સમસ્યા ઉકેલવામાંથી, તેમની જરૂરિયાત પૂરી કરવામાંથી આવે છે.

આ વાત જીવનને પણ લાગુ પડે છે. સુખ એટલે સમસ્યાઓની ગેરહાજરી નહીં, પણ સમસ્યાઓનું સમાધાન છે. કોઈને આર્થિક સમસ્યા છે, કોઈને સ્વાસ્થ્યની સમસ્યા છે, કોઈને સંબંધની સમસ્યા છે અથવા કોઈને કામકાજની સમસ્યા છે. સમસ્યા વિહીન જીવન નથી હોતું. જે સૌથી સુખી છે તેને પણ કોઈને કોઈ સમસ્યા હોય છે. આપણે છેલ્લા શ્વાસ સુધી નાની-મોટી સમસ્યાઓનો સામનો કરતા રહીએ છીએ.

અંતતઃ આપણું સુખ કે દુઃખ એ વાત પર નિર્ભર કરે છે કે સમસ્યાઓ હલ થાય છે કે એકત્ર થાય છે. જીવન પઝલ જેવું હોય છે. એ રોજ નવી ચેલેન્જ આપતું રહે છે અને આપણે તેનો ઉચિત ઉપાય શોધતા રહેવાનું હોય છે. એટલા માટે, હું જેટલી વધુ સમસ્યાઓનાં સમાધાન કરું, મારા સુખનો અહેસાસ એટલો વધે છે. બળવંતભાઈના જીવનમાંથી આપણે સૌ એક ભારતીય તરીકે કે ગુજરાતી તરીકે પ્રેરણા લઈ વતન માટે એવું કામ કરીએ કે લોકો આપણને સદાય યાદ કરે.

બળવંતભાઈની ૧૦૧મી જન્મ જયંતીની ઉજવણીએ એટલું જ કહીશ કે ''બળુભાઈ તમારી ખોટ અમોને કાયમ રહેશે. તમારા જેવા એકાદ કામ કરીએ તોય ઘણું''

# 'શ્રી રમણલાલ સોની' 'મસ્તરામ' લિખિત બાળવાર્તા સંગ્રહ રસિકદાદાનાં રસગુલ્લાં (ગ્રંથસમીક્ષા)

- પ્રા. ડૉ. મધુસૂદન વ્યાસ

આજે પંચ્યાસી વર્ષની જૈફ ઉંમરે પ્રકાશિત થતો પ્રસ્તુત વાર્તાસંગ્રહ તેનો પુરાવો છે. એમણે પોતાની યુવાવસ્થાથી આરંભીને પ્રાથમિક શિક્ષણમાં પ્રયોગશીલ શિક્ષક તરીકે સેવાઓ આપેલી. બાળકોને ભણાવતાં ભણાવતાં જે શિક્ષક ઓતપ્રોત બની જાય તે સાચો શિક્ષક. અત્રે સમાવિષ્ટ સઘળી વાર્તાઓને ભણાવવામાં કે વાર્તાકથન કરવામાં સતત પોતાની જાતને ઓગાળી નાંખીને બાળકોને વાર્તારસથી ભીંજવી દે એવા વિશિષ્ટ શિક્ષણયોગીના છલોછલ સર્જનથી આ બધી વાર્તાઓ માણવાનો એક આનંદ છે.

મૂળે પંચતંત્ર અને હિતોપદેશની સંસ્કૃત પશુકથાઓ ફેબલ (fable) આપણી બાળકેળવણીની પ્રક્રિયામાં અથવા આપણાં પ્રાથમિક શિક્ષણમાં પ્રાયઃ પચાસ-સિત્તર વર્ષથી સમાવિષ્ટ છે એ બધી પશુકથાઓની જેમ અથવા એમાંથી પ્રેરાઈને સર્જક શ્રી રમણભાઈ બી. સોનીએ અહીં વાર્તાઓનું આલેખન કરેલ છે. આમાં એમની મૌલિક સર્જનશક્તિનાં દર્શન આપણને પ્રત્યેક વાર્તાઓમાં થાય છે. તેમજ વાર્તાઓનાં શીર્ષકોમાં અને અન્યત્ર શબ્દાનુપ્રાસ અને વર્ણાનુપ્રાસ સહજ રીતે વણાઈ ગયેલાં, અહીં જોવા મળે છે. જેમ કે ''લાંચ ખાય તેને લકવો થાય'' તેમજ ''ચમચમતો તમાચો બાપનો.'' બાળકોને ઘડિયા અથવા આંક (એકથી સો સુધીના પાડાઓ) ગોખાવવા માટેનાં નોટનાં પૂઠાંઓ વગેરેનાં પ્રાયોગિક સાધનો પણ તેમણે બનાવેલાં. તેમજ અવનવી શૈક્ષણિક રમતો, પૂઠાં, કાગળ વગેરેનાં માધ્યમ થકી બાળકોને ચિત્રનું શિક્ષણ તેમણે આપેલ. ઘડિયા તેમજ ગુણાકાર, ભાગાકાર વગેરે કેવી રીતે મૌલિક રીતે શીખવી શકાય તેવાં ઘણાં પ્રયોગો તેમણે બાળપુષ્પો વચ્ચે કરેલા. તેમજ તેમની મૌલિક અને મૌખિક વાર્તા કથન કલાનું વિસ્તરણ નિવૃત્તિ પર્યન્ત વર્ગમાં અને પછીથી સમાજમાં કરેલું. અનેક સરકારી પ્રોજેક્ટમાં બાળવાર્તા કથનની કલા તેમણે શીખવેલી. જે કલાથી બાળકો ઉપરાંત બાળકોના શિક્ષકો, વાલીઓ અને સરકારી અધિકારીઓ પ્રભાવિત જ નહીં, મંત્રમુગ્ધ બની ગયેલા.

આમ, શિક્ષણની પ્રક્રિયામાં તેઓ સર્જક અને વાત્સલ્યપૂર્ણ શિક્ષકરૂપે જુદા અનોખા છે. તેથી જાણે કે એક સફળ કલાકાર (અભિનય કર્તા) જણાયા છે.

અત્રે આપેલી આશરે પંદરેક વાર્તાઓમાંથી પસાર થતાં કેટલીક વાર્તાઓ વાર્તાકારના આંતરસત્ત્વને તારસ્વરે પોકારતી હોઈ અથવા આંતરસ્રાવને ઘૂંટીને રજૂ કરતી હોઈ વાર્તા-

કથન અને કથનને જાણે કે એકરૂપ બનાવી દે છે. વાર્તાનો આરંભ જ ભાવકને વિસ્મયના પ્રદેશમાં સાહજિક રીતે પ્રવેશ કરાવી દે છે. જુઓ, ફૂલ્યો ફાગણિયો - શીર્ષકની વાર્તા, એનો આરંભ માણીએ.

રસિકદાદા રાતના સમયે ફળિયા વચ્ચે આવેલા ઓટલા ઉપર પીપળાના ઘટાટોપ વૃક્ષ નીચે રોજની જેમ બેઠા હતા. એક પછી એક ફળિયાના બાળકો આવવા લાગ્યાં અને રસિકદાદાને વીંટળાઇ વળ્યાં. ''દાદાજી, આજે અમને એક સરસ વાર્તા કહોને.'' એવું કહી વાર્તાની ઉઘરાણી શરૂ કરી. દાદાજી મૂળ તો વિજ્ઞાનના શિક્ષક હતા પણ કહેવાય છે કે, ''સાચો શિક્ષક કદી નિવૃત્ત થતો નથી.'' એ ન્યાયે ખિલખિલાટ હાસ્ય સાથે એમણે વાર્તા શરૂ કરી.''

''એક વન વગડામાં સરસ મઝાનું મંદિર! આજુબાજુ ખળ ખળ ગાતાં ઝરણાં, હસતાં-રમતાં વહે, ત્યાં મોટો મેળો ભરાય!

આપણે જોઈ શકીએ કે વાર્તા બાળભોગ્ય બની રહે એ માટે સર્જક નાનાં નાનાં વાક્યો રચે છે. તેમજ તેમની વર્ણનકલા પણ ઉત્કૃષ્ટ હોઈને એક પ્રકારનું વાતાવરણ ખડું કરી દે છે.

૧૯૮૨ના વર્ષમાં લંડનમાં શ્રી રમણભાઈ સોનીને કેશ્મે એવોર્ડ પ્રદાન કરવામાં આવેલ. એ સિવાયના પુરસ્કારો પણ તેમણે મેળવ્યા છે. પરંતુ હાથીના પગલામાં બધાં પગલાં સમાઈ જાય એ ન્યાયે પરદેશમાં તેઓ પ્રસિદ્ધિ પામ્યા અને છતાં પરદેશથી પાછા ફરીને પોતાનાં કર્મક્ષેત્રમાં (ટીંટોઈમાં) સાહજિક રીતે રીતે બાળદીક્ષા બાળશિક્ષાના કર્મમાં રચ્યા-પચ્યા રહી શક્યા તેમાં તેમનું નિરાભિમાનીપણું તો જોઈ જ શકાય. ઉપરાંત વેદાંતનિષ્ઠ તેમના ગુરુ જેશીંગ બાપજીના આશિષ પણ જોઈ શકાય. કારણ કે ભૌતિક ઉપલબ્ધિઓમાં પણ સંસ્કારો અને આશીર્વાદનું બળ હોય જ છે.

અહીં કેટલીક વાર્તાઓ લંબાઈ ગયેલી જણાશે. છતાં આજની પેઢીના બાળકોને પણ આ બધી વાર્તાઓ વર્ણનકલાને લીધે જરૂર આકર્ષક જણાશે. શ્રી રમણભાઈએ બાળકોની અનેક પેઢીઓનું ઘડતર કરેલ છે. એવું આનાં વાંચન દ્વારા સમજાય છે. એવા સર્જક, શિક્ષક અને વાર્તાકથન કલાના ઉપાસકને પ્રણામ, અભિનંદન. પ્રસ્તુત વાર્તાસંગ્રહને આવકાર આપતાં હું આનંદ અનુભવું છું. આશા છે કે પ્રસ્તુત સમીક્ષા વાંચીને બાળકના માતા-પિતા પ્રસ્તુત પુસ્તક વાંચવા માટે પ્રેરાશે તો આનો પરિશ્રમ સાર્થક બનશે.

---

**(અનુસંધાન પૃષ્ઠ ૩૬ થી ચાલુ)**

સંશોધનોથી જ આવી શકશે. ૨૦૧૫માં તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હાથે તેમને લાઇફટાઇમ અચીવમેન્ટ એવોર્ડ મળ્યો, ત્યારે જમીન સાથે જોડાયેલ ભાવનાને અભિવ્યક્ત કરવા તેમણે ખુલ્લા પગે ચાલીને તે ઍવોર્ડ ગ્રહણ કરેલ. તેથી તેઓ 'બેરફૂટ સાયન્ટિસ્ટ' તરીકે પણ ઓળખાય છે.

# બેરફૂટ સાયન્ટિસ્ટ

- પ્રીતિ શાહ

ગાઢ નિંદ્રામાં સૂતેલી વ્યક્તિ જાતે જ ઘડિયાળમાં મૂકેલા એલાર્મને બંધ કરીને ફરી પાછી ગાઢ નિંદ્રામાં સરી પડતી હોય છે. મોટી ઉંમરની વ્યક્તિ તો થોડી વાર પછી કમને કે અનિચ્છા હોય, તો પણ ઊઠી જતી હોય છે, પરંતુ બાળકોનું શું? સવારે સ્કૂલે જતાં બાળકોની મમ્મીઓ માટે આ રોજની રામાયણ ! કર્ણાટકના ધારવાડ જિલ્લાના અન્નીગૅડી ગામમાં રહેતા અબ્દુલને પણ સવારે પથારીમાંથી ઊઠવું ગમે નહીં. રોજ સ્કૂલે જવાનું અને એમાં રોજ સવારે ઊઠવાની મુશ્કેલી. અબ્દુલ મોટો થયો કે એણે વિચાર્યું કે આવું ક્યાં સુધી ચાલશે? માતા-પિતા પાસેથી કાયમ એવી અપેક્ષા ન રાખી શકાય કે તેઓ રોજ સવારે એને ઉઠાડવા પાછળ આટલી મહેનત કરે ને પરેશાની ભોગવે. તેથી ૧૪ વર્ષના અબ્દુલ ખાદર નદકત્તિને વૉટર એલાર્મ બનાવ્યો. એલાર્મની ચાવી પર એક પાતળી દોરી બાંધી. એ દોરીનો બીજો છેડો પાણીની બોટલ સાથે બાંધ્યો. એલાર્મની ચાવી ફરે એની સાથે દોરી પણ ફરે અને પાણીની બૉટલ સાથે બાંધેલી દોરી ખેંચાય તેથી પાણી અબ્દુલ પર પડે. દસમા ધોરણ સુધી તે આ રીતે સવારે સમયસર ઊઠી જતો અને સ્કૂલે જતો.

દસમા ધોરણ પછી અબ્દુલ વધુ અભ્યાસ ન કરી શક્યો, પરંતુ આ વૉટર એલાર્મથી શરૂ થયેલાં એનાં સંશોધનોએ એને સિત્તેર વર્ષથી ઉંમરે આ વર્ષે ‘પદ્મશ્રી’નું સન્માન અપાવ્યું છે. આજે અબ્દુલ ખાદર નદકત્તિનના નામે ચાળીસ ઈનોવેશન છે. રોજબરોજની સમસ્યાને હલ કરીને એણે ખેડૂતોને ઘણી મોટી મદદ કરી છે. તેને કારણે ખેડૂતોની ખેતપેદાશોમાં પચીસ ટકા વૃદ્ધિ થઈ છે. અબ્દુલના પિતા પાસે પૂર્વજો પાસેથી મળેલી સાઠ એકર જમીન છે, પરંતુ પાણીની અછતને કારણે ખેતીમાંથી જોઈએ તેવી આવક થતી નહોતી. આર્થિક મુશ્કેલીને કારણે એગ્રિકલ્ચરમાં સ્નાતક થવાનું સ્વપ્ન અબ્દુલે છોડી દેવું પડ્યું અને પિતાના કહેવાથી ખેતીમાં મદદ કરવા લાગ્યા. તેઓ પોતે આગળ અભ્યાસ ન કરી શક્યા, પરંતુ રોજબરોજની સમસ્યાઓને પારખીને તેનો પોતાની રીતે ઉકેલ શોધવા લાગ્યા.

અબ્દુલ નદકત્તિને સૌથી પહેલાં તો હળ ચલાવવા માટે બળદની જરૂર પડતી હતી, તેની જગ્યાએ એક મશીન બનાવ્યું, જે જમીન ખેડી શકે. ૧૯૭૫માં તેમણે વિશ્વશાંતિ ઍગ્રિકલ્ચરલ રિસર્ચ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ સેન્ટર દ્વારા તે વેચાય તેની વ્યવસ્થા કરી, પરંતુ આર્થિક મુશ્કેલીને કારણે તે બજારમાં મૂકી શકાયું નહીં. આ મશીનમાં એવી બ્લેડ બનાવી કે લાંબા

સમય સુધી તેની ધાર કાઢવી ન પડે અને તેને ટ્રેક્ટર સાથે પણ જોડી શકાય. જુવારથી માંડી મગફળી સુધીનાં જુદી જુદી સાઈઝનાં બી વાવી શકાય એવું ઉપકરણ બનાવ્યું. મહારાષ્ટ્રના ખેડૂતોની માગણીને લઈને એણે શેરડી વાવવાનું મશીન પણ બનાવ્યું. એના પિતા અને દાદાને સંઘર્ષ કરતાં જોઈને એણે નક્કી કર્યું કે પાણીની અછતનો ઉપાય શોધવો. બોર અને ચીકુના વૃક્ષની વચ્ચે આંબાનું વાવેતર કર્યું. મરચાંનું વાવેતર કર્યું, પરંતુ પાણી ન મળવાને કારણે પાક બળી જતો તેથી એમણે ઓછા પાણીથી થતાં આંબલીનાં ઝાડ રોપ્યાં. છ એકર જમીનમાં વીસ ફૂટના અંતરે આંબલીના છસો છોડ વાવ્યા. ૧૯૮૫માં દુષ્કાળ પડ્યો, ત્યારે અગિયાર બોરવેલ બનાવ્યા, પરંતુ એમાં બે બોરવેલમાંથી જ પાણી મળ્યું. વરસાદી પાણી એકઠું કરીને છ નાનાં તળાવ બનાવ્યાં. આંબલીનાં વૃક્ષ મોટાં થવા લાગ્યા. એમનો આત્મવિશ્વાસ વધ્યો અને બીજી દસ એકર જમીનમાં અઢારસો છોડ વાવ્યા અને એમાંથી અગિયારસો વૃક્ષ થયાં.

હવે પ્રશ્ન એ થયો કે આટલી બધી આંબલીનું કરવું શું? તેથી તેમની પત્ની અને દીકરીએ તેમાંથી અથાણાં અને જામ બનાવવાનું શરૂ કર્યું, પરંતુ આંબલીમાંથી બી કાઢવાનું અને તેના નાના ટુકડા કરવાના કામમાં સમય બહુ લાગતો અને એટલા મજૂરો મળતા નહીં તેથી છ મહિનામાં ત્રણ લાખ ખર્ચીને આંબલીમાંથી બી કાઢવાનું મશીન બનાવ્યું. ત્યારબાદ આંબલીના નાના ટુકડા થાય તેવું બીજું મશીન બનાવ્યું. તેમણે કરેલાં બધાં સંશોધનોમાં આંબલીનાં બી કાઢવાનું સંશોધન તેમને સૌથી કપરું સંશોધન લાગે છે. 'સીરિયલ ઈનોવેટર' ગણાતા અબ્દુલ નદકત્તિને આંબલી અંગે એટલું સંશોધન કર્યું કે સહુ તેમને 'હુનાસે હુચ્ચા' અર્થાત્ આંબલી માટે પાગલ તરીકે ઓળખવા લાગ્યા.

થોમસ આલ્વા એડિસનને પોતાના પ્રેરણાસ્રોત માનનાર અબ્દુલ નદકત્તિન આટલાં સંશોધન કર્યા પછી પણ કાયમ આર્થિક સમસ્યાઓનો સામનો કરતા રહ્યા છે. એમણે એમનાં સંશોધનો માટે થોડી જમીન ગિરે મૂકી છે. તેઓ જે કોઈ ઉપકરણ બનાવે, તેની પાછળ નફો મેળવવાનો આશય નથી રાખતા, પરંતુ ખેડૂતોની સેવા કરવાનો હેતુ ધરાવે છે. તેઓ ખેડૂતો પર આર્થિક બોજો નાખવા નથી માગતા. જો કે હવે તેમને નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન, યુનિવર્સિટી ઓફ એગ્રિક્લચરલ સાયન્સીસ, ધારવાડ અને કર્ણાટક સરકાર તરફથી તેમનાં સંશોધનો માટે ફંડ મળવા લાગ્યું છે. તેઓ કહે છે કે કોઈ પણ સંશોધન પાછળ સમય અને પૈસા ખર્ચવા પડે છે, પરંતુ તેઓ ખેડૂતોને સહાય કરવા, તેમનાં સ્વપ્નને સાકાર કરવા સતત મહેનત કરે છે. તેઓ માટને છે કે આપણા દેશનું અર્થતંત્ર ખેડૂતો પર ચાલે છે. ખેડૂતોને જુદા જુદા સ્તરે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, તે હળવી કરવા તેઓ પ્રયત્નશીલ છે, કારણ કે હવે પછીની કૃષિક્રાંતિ

**(અનુસંધાન પૃષ્ઠ ૩૪ ઉપર)**

# પુસ્તક પરિચય - બાળવાર્તાનું શાસ્ત્ર

**સંક્ષેપકાર : ઈશ્વર પરમાર**

''ગાગરમાં સાગર'' - ''થોડામાં ઘણું'' - આ ઉક્તિને સંપૂર્ણપણે ચરિતાર્થ કરીને શ્રી ગિજુભાઈ બધેકાના પુસ્તક, 'વાર્તાનું શાસ્ત્ર' નું સંક્ષિપ્તમાં રૂપાંતર કરી શ્રી ઈશ્વર પરમારે વાચકો માટે ઉપયોગી સરળતા અને બાળવાર્તા માટેની તૈયારીનો માર્ગ મોકળો કરી આપ્યો છે. ગુજરાતી બાળ સાહિત્યના ભીષ્મપિતા સમાન શ્રી ઈશ્વર પરમારે મૂળ પુસ્તકને જૈસે થે - જેવી સ્થિતિએ રાખીને દરેક પ્રકરણમાં આવતી અમૃત સમાન બાબતોનો નિચોડ આપણી સમક્ષ મૂકી આપ્યો છે. પુસ્તકની તમામ બાબતોનું સંક્ષેપીકરણ કરતી વખતે વિચારોના સ્વરૂપનું સાતત્ય જાળવી રાખ્યું છે.

બાળકો સાથેના વ્યવહારમાં રહેલી રીતિ-નીતિ અને ચોક્કસ પદ્ધતિ આજથી દાયકાઓ પૂર્વે શ્રી ગિજુભાઈ બધેકા આપણી સમક્ષ મૂકતા ગયા છે. એ તમામ બાબતોને લાઘવ્યનું સ્વરૂપ આપી વાર્તાના તમામ સ્વરૂપને ઈશ્વર પરમારે આપણને ખોલી આપ્યું છે. શ્રી ગિજુભાઈના વિચારો, તેમના બાળકોના હામી બનવાના સતત પ્રયત્નો અને એ પ્રયત્નોના પરિપાકરૂપે તેમણે ''વાર્તાનું શાસ્ત્ર'' પુસ્તક સમાજ સમક્ષ મૂકી આપ્યું. આ પુસ્તકને સરળ શબ્દોમાં ગોઠવી લેખકે જુદી રીતે પોંખ્યું છે. બાળકો માટે વહાલ ધરાવતા સૌ માટે આ સંક્ષેપીકરણ ખૂબ જ ઉપયોગી સાબિત થશે અને એમાં સૌ ''હા'' નું જરૂર અનુમોદન આપશે.

આ પુસ્તકના પહેલા પ્રકરણમાં વાર્તાકથનનો ઉદ્દેશ, બીજા પ્રકરણમાં બાળકોને ન કહેવા જેવી અયોગ્ય બાબતો, ત્રીજા પ્રકરણમાં વાર્તાના ક્રમની વાત, ચોથા પ્રકરણમાં વાર્તાઓ કહેવા યોગ્ય કેવી રીતે બનાવવી તેનું માર્ગદર્શન, જ્યારે પાંચમા પ્રકરણમાં વાર્તા કેવી રીતે કહેવી તેમજ તે પછીના પ્રકરણમાં વાર્તા કહેવાનો સમય, વિશિષ્ટ પ્રયોગો, વાર્તા અને નાટ્ય પ્રયોગો, નીતિશિક્ષણ, કલ્પના શક્તિ અને વાર્તાના સાહિત્ય અંગેની સરળ વાત આપણને આ પુસ્તકમાંથી મળી આવે છે. આ રીતે ગિજુભાઈના યોગદાનને આપણી સમક્ષ મૂકી વાર્તાના શાસ્ત્ર માટે અજવાળું કરી આપ્યું છે.

સારા અને સાચા બાળ વાર્તાકાર બનવું છે? તો આપે, શ્રી ઈશ્વર પરમારે કરેલા બાળવાર્તાના શાસ્ત્રના સંક્ષેપીકરની દુનિયામાંથી પસાર થવું જ ઘટે. આથી માત્ર રૂા. ૧૫૦=૦૦ સાવ નજીવી કિંમતનું પુસ્તક ભલા આપણી પાસે કેમ ન હોય?

**પ્રાપ્તિસ્થાન :**

**બાળવાર્તાનું શાસ્ત્ર :**

**સંક્ષેપીકરણ :** ઈશ્વર પરમાર

ગુર્જર સાહિત્ય ભવન, રતનપોળના નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - ૩૮૦૦૧

**ફોન** - ૦૭૯ - ૨૨૧૪૪૬૬૧૩

૦૯૨૨૭૦૫૫૭૭૭

કિંમત : રૂા. ૧૫૦=૦૦

**- અશોક સોમપુરા**

# શિક્ષણ સમાચાર

**- અશોક સોમપુરા**

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહનું ૮૦.૬૯ ટકા પરિણામ :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૬ દરમિયાન લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનું પરિણામ રેગ્યુલર અને રિપીટર વિદ્યાર્થીઓ સાથેનું એકંદરે ૮૦.૬૯ ટકા રહ્યું છે. જે ગયા વર્ષ કરતા ૨.૩૬ ટકા પરિણામ વધ્યું છે. ઉપરાંત એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ ૭૪૫ વધતા આ વર્ષે ૧૫૭૬ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડમાં છે. જ્યારે એ-૨ ગ્રેડમાં ૩૬૭૩ વિદ્યાર્થીઓ વધતા આ વર્ષે ૧૧૭૫૬ વિદ્યાર્થી આ ગ્રેડમાં આવ્યા છે. આ વર્ષના રેગ્યુલર વિદ્યાર્થીઓનું પરિણામ ૮૪.૩૩ ટકા રહ્યું છે. જે ગયા વર્ષ કરતા ૦.૮૨ ટકા વધ્યું છે.

**નિયમિત વિદ્યાર્થીઓનું ગ્રુપવાર પરિણામ**

| ગ્રુપ | નોંધાયેલ | ઉપસ્થિત | પાસ | ૨૦૨૬ | ૨૦૨૫ |
|---|---|---|---|---|---|
| એ | ૪૫૪૦૯ | ૪૫૩૬૨ | ૪૧૧૮૫ | ૯૦.૭૯ | ૯૧.૯૦ |
| બી | ૬૫૮૨૫ | ૬૫૬૯૨ | ૫૨૪૬૮ | ૭૯.૮૭ | ૭૮.૭ |
| એબી | ૩૬ | ૩૬ | ૨૫ | ૬૯.૪૪ | ૭૩.૬૮ |
| કુલ | ૧૦૦૭૨૫ | ૧૦૦૫૭૫ | ૮૩૯૮૭ | ૮૪.૩૩ | ૮૩.૫૧ |

**નિયમિત કેટેગરીમાં જાતિવાર પરિણામ**

| વિવરણ | વિદ્યાર્થી | વિદ્યાર્થિની | કુલ |
|---|---|---|---|
| નોંધાયેલ નિયમિત ઉમેદવાર | ૫૮૬૧૯ | ૫૨૬૫૧ | ૧૧૧૨૭૦ |
| ઉપસ્થિત નિયમિત ઉમેદવાર | ૫૮૫૪૨ | ૫૨૫૪૮ | ૧૧૧૦૯૦ |
| પાસ થયેલ ઉમેદવાર | ૪૯૧૯૬ | ૪૪૪૮૨ | ૯૩૬૭૮ |
| પરિણામ ટકામાં | ૮૪.૦૪ | ૮૪.૬૫ | ૮૪.૩૩ |

**ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૮૯.૧૯ ટકા પરિણામ**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૬ના રોજ લેવાયેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ ૮૯.૧૯ ટકા રહ્યું છે. જે અત્યાર સુધીના વર્ષોનું રેકોર્ડ બ્રેક પરિણામ છે. જે ગયા વર્ષ કરતાં ૧.૧૯ ટકા પરિણામ વધ્યું છે. ચાલુ વર્ષે શાળાએ જનારા નિયમિત વિદ્યાર્થીઓનું ૯૨.૭૧ ટકા પરિણામ રહ્યું છે. જે ગયા વર્ષ કરતાં માત્ર ૦.૩૬ ટકા વધ્યું છે. પરંતુ રિપીટર વિદ્યાર્થીઓનું પરિણામ ૧૭.૬૬ ટકા વધ્યું છે. જ્યારે પ્રથમવાર એ-૧ ગ્રેડમા રેકર્ડબ્રેક ૭૪૪૬ વિદ્યાર્થીઓ છે. જે ગયા વર્ષ કરતાં ૧૮૮૬ વિદ્યાર્થી એ-૧ ગ્રેડમાં વધુ છે.

**નિયમિત વિદ્યાર્થીઓનું પ્રવાહ મુજબ પરિણામ**

| | વિદ્યાર્થીઓ | | વિદ્યાર્થિનીઓ | | કુલ | |
|---|---|---|---|---|---|---|
| ગ્રુપ | હાજર | પાસ | હાજર | પાસ | હાજર | પાસ |
| સા.પ્ર. | ૨૧૯૪૦૦ | ૧૯૭૬૩૨ | ૨૧૧૬૨૪ | ૨૦૧૮૯૪ | ૪૩૧૦૨૪ | ૩૯૯૫૨૬ |
| વ્ય.પ્ર. | ૧૯૪ | ૧૭૧ | ૨૬૦ | ૨૪૭ | ૪૫૪ | ૪૧૮ |
| ઉ.ઉ.બુ. | ૧૯૫૨ | ૧૮૦૪ | ૧૬૭૨ | ૧૬૧૪ | ૩૬૨૪ | ૩૪૧૮ |
| કુલ | ૨૨૧૫૪૬ | ૧૯૯૬૦૭ | ૨૧૩૫૫૬ | ૨૦૩૭૫૫ | ૪૩૫૧૦૨ | ૪૦૩૩૬૨ |

સામાન્ય પ્રવાહમાં અમદાવાદ શહેરનું પરિણામ રાજ્યમાં સૌથી ઓછું આવ્યું છે. જ્યારે અમદાવાદ જિલ્લાનું પરિણામ ૮૮.૨૬ ટકા છે. જેમાં ૯૩૭ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ લાવ્યા છે. જ્યારે સુરતમાં સૌથી વધુ ૨૦૮૧ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડમાં આવ્યા છે.

**ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થિનીઓનું કેટેગરી મુજબ પરિણામ :**

**વિદ્યાર્થિનીઓ**

| | હાજર | પાસ | ૨૦૨૬ | ૨૦૨૫ |
|---|---|---|---|---|
| નિયમિત | ૨૧૩૫૫૬ | ૨૦૩૭૫૫ | ૯૫.૪૧ | ૯૫.૨૩ |
| રિપીટર | ૪૬૭૯ | ૩૧૨૦ | ૬૬.૬૮ | ૪૯.૩૧ |
| ખાનગી નિયમિત | ૧૪૬૧૧ | ૧૦૪૩૯ | ૭૧.૪૫ | ૬૪.૨૩ |
| ખાનગી રિપીટર | ૨૪૦૩ | ૧૬૩૭ | ૬૮.૧૨ | ૪૮.૯૬ |
| કુલ | ૨૩૩૦૪૯ | ૨૧૮૯૫૧ | ૯૩.૯૫ | ૯૧.૫૦ |

**ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓનું કેટેગરી મુજબ પરિણામ :**

**વિદ્યાર્થીઓ**

| | હાજર | પાસ | ૨૦૨૬ | ૨૦૨૫ |
|---|---|---|---|---|
| નિયમિત | ૨૨૧૫૪૬ | ૧૯૯૬૦૭ | ૯૦.૧૦ | ૯૦.૭૮ |
| રિપીટર | ૧૦૧૮૫ | ૬૨૪૭ | ૬૧.૩૩ | ૪૩.૪૮ |
| ખાનગી નિયમિત | ૧૮૮૯૪ | ૧૦૧૯૯ | ૫૩.૯૮ | ૪૮.૦૬ |
| ખાનગી રિપીટર | ૫૦૧૨ | ૨૮૨૨ | ૫૬.૩૦ | ૩૯.૮૦ |
| કુલ | ૨૫૫૬૩૭ | ૨૧૮૮૭૫ | ૮૫.૬૧ | ૮૩.૬૬ |

**ધોરણ-૧૦નું વિક્રમી ૭૮.૩૨ ટકા પરિણામ :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૬માં લેવાયેલ ધોરણ-૧૦નું વિક્રમી ૭૮.૩૨ ટકા પરિણામ આવ્યું છે. ૭૬ વર્ષમાં પ્રથમવાર સૌથી વધુ પરિણામ આવ્યું છે. ગયા વર્ષે નિયમિત, રિપીટર અને ખાનગી સહિતની તમામ કેટેગરીમાં કુલ મળીને ૬૫૦૯૩૨ વિદ્યાર્થી પાસ થયા હતા. જ્યારે આ વર્ષે ૬૬૩૫૧૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આ વર્ષે ૩૫૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડમાં આવ્યા છે.

**આ વર્ષનું સમગ્ર પરિણામ**

| કેટેગરી | ઉપસ્થિત | પાસ | ૨૦૨૬ | ૨૦૨૫ |
|---|---|---|---|---|
| નિયમિત | ૭૫૬૩૯૨ | ૬૩૪૩૨૭ | ૮૩.૮૬ | ૮૩.૦૮ |
| રિપીટર | ૬૭૪૦૪ | ૨૨૫૯૮ | ૩૩.૫૩ | ૩૧.૧૬ |
| ખાનગી-નવા | ૧૮૩૩૬ | ૫૧૪૦ | ૨૮.૦૩ | ૨૬.૯૭ |
| ખાનગી રિપી. | ૫૦૧૭ | ૧૪૫૦ | ૨૮.૯૦ | ૨૩.૯૩ |
| કુલ | ૮૪૭૧૪૯ | ૬૬૩૫૧૫ | ૭૮.૩૨ | ૭૭.૧૨ |

**જાતિવાર કેટેગરી મુજબ પરિણામ (છોકરાઓ)**

| કેટેગરી | હાજર | પાસ | ૨૦૨૬ | ૨૦૨૫ |
|---|---|---|---|---|
| નિયમિત | ૪૦૯૮૪૧ | ૩૨૮૩૮૪ | ૮૦.૧૨ | ૭૯.૫૬ |
| રિપીટર | ૪૬૮૮૭ | ૧૪૭૨૮ | ૩૧.૪૧ | ૩૦.૨૫ |
| ખાનગી | ૧૪૪૦૮ | ૩૩૪૭ | ૨૩.૨૩ | ૨૨.૯૧ |
| કુલ | ૪૭૧૧૩૬ | ૩૪૬૪૫૯ | ૭૩.૫૩ | ૬૨.૫૦ |

### છોકરીઓનું પરિણામ

| કેટેગરી | હાજર | પાસ | ૨૦૨૬ | ૨૦૨૫ |
|---|---|---|---|---|
| નિયમિત | ૩૪૬૫૫૧ | ૩૦૫૯૪૩ | ૮૮.૨૮ | ૮૬.૬૯ |
| રિપીટર | ૨૦૫૧૭ | ૬૮૩૦ | ૩૮.૩૬ | ૫૨.૬૩ |
| ખાનગી | ૮૯૪૫ | ૩૨૪૩ | ૩૬.૨૫ | ૩૬.૧૯ |
| કુલ | ૩૭૬૦૧૩ | ૩૧૭૦૫૬ | ૮૪.૩૨ | ૮૦.૮૮ |

**સીબીએસઈ (CBSE)માં ધોરણ-૧૦નું ગુજરાતનું ૯૬.૬૧ ટકા પરિણામ :**

સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૬માં લેવાયેલી ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરી દેવાયું છે. જે મુજબ અમદાવાદ રિઝિયન સહિત સમગ્ર ગુજરાતનું ૯૬.૬૧ ટકા પરિણામ રહ્યું છે. અમદાવાદનું રિઝિયન મુજબ પરિણામમાં અમદાવાદમાં આઠમા ક્રમે અને સ્ટેટ વાઇઝ ગુજરાત ૧૬ - સોળમા ક્રમે છે.

સમગ્ર દેશનું એકંદરે પરિણામ ૯૩.૭૦ ટકા રહ્યું છે. જે ગયા વર્ષ કરતા ૦.૦૪ ટકા જેટલું વધારે છે. સમગ્ર દેશમાંથી ૨૪૭૧૭૭૭ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૨૩૧૬૦૦૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે. છોકરાઓનું ૯૨.૬૯ ટકા અને છોકરીઓનું ૯૪.૯૯ ટકા પરિણામ રહ્યું છે. સીબીએસઈના ધોરણ-૧૦ના પરિણામમાં અમદાવાદ રિઝીયનમાં ૧૪૪૫ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. એટલે કે ૩.૨૦ ટકા નાપાસ થયા છે.

અમદાવાદ રિઝીયનમાં દિવ્યાંગ કેટેગરીમાં ૧૩૧ વિદ્યાર્થીઓમાંથી ૧૨૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૧૧૩ પાસ થતા ૮૭.૬ ટકા પરિણામ રહ્યું છે. જ્યારે એસસી કેટેગરીમાં ૨૨૬૭ પાસ થતાં ૯૭.૩૮ ટકા, એસટી કેટેગરીમાં ૧૭૦૩ પાસ થતાં ૯૪.૭૭ ટકા, ઓબીસીમાં ૮૦૦૧ પાસ થતાં ૯૪.૪૮ ટકા અને જનરલ કેટેગરીમાં ૩૧૬૦૪ પાસ થતાં ૯૬.૬૮ ટકા પરિણામ રહ્યું છે.

### ધોરણ-૧૦નું ગુજરાત-અમદાવાદ ઝોનનું પરિણામ

| કેટેગરી | હાજર | પાસ | ૨૦૨૬ | ૨૦૨૫ |
|---|---|---|---|---|
| છોકરા | ૨૫૯૬૧ | ૨૪૯૦૩ | ૯૫.૯૦ | ૯૬.૦૪ |
| છોકરી | ૧૯૧૪૬ | ૧૮૬૭૩ | ૯૭.૫૩ | ૯૭.૬૬ |
| કુલ | ૪૫૧૦૭ | ૪૩૫૭૬ | ૯૬.૬૧ | ૯૬.૭૩ |

**ધંધુકા બ્રાન્ચ કન્યા શાળા નંબર - ૨ ખાતે દીક્ષાંત સમારોહ સાથે ''કન્યા પૂજન'' અને ''માતૃશક્તિ વંદના''-નો ત્રિવિધ કાર્યક્રમ યોજાયો :**

ધંધુકા શહેરની બ્રાન્ચ કન્યા શાળા નંબર - ૨ ખાતે ત્રિવિધ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૮ની બાલિકાઓનો દીક્ષાંત સમારોહ, કન્યા પૂજન તેમજ માતૃ શક્તિ વંદના કાર્યક્રમનો સમાવેશ થતો હતો. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહભેર અને સાંસ્કૃતિ ગૌરવ સાથે યોજાયો હતો.

આ પ્રસંગે શિક્ષણક્ષેત્રના અગ્રણીઓ તેમજ શહેરના પ્રતિષ્ઠિત નાગરિકોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી મહેન્દ્રસિંહ ગોહિલ, બી.આર.સી. ધંધુકાના ડૉ. રઘુવીરસિંહ ચુડાસમા અને એસએમસી અધ્યક્ષ અને સભ્યો, તેમજ નગરજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**યુએસમાં ભણવા જનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૬.૯ ટકાનો ઘટાડો નોંધાયો :**


યુ.એસ.માં ફેબ્રુઆરી-૨૦૨૬માં સાડા ત્રણ લાખ કરતાં વધારે ભારતીય વિદ્યાર્થીઓ પ્રાથમિક સ્કૂલથી માંડી યુનિવર્સિટીમાં વિવિધ શૈક્ષણિક કોર્સ કરી રહ્યા છે. ગયા વર્ષની સરખામણીમાં યુએસમાં ભણવા જનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૬.૯ ટકાનો ઘટાડો નોંધાયો છે. વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ભણી રહેલાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ફેબ્રુઆરી-૨૦૨૫માં ૩૭૮૭૮૭ હતી જે ફેબ્રુઆરી-૨૦૨૬માં ઘટીને ૩૫૨૬૪૪ થઈ હતી. જે ૬.૯ ટકાનો ઘટાડો દર્શાવે છે. સંસદમાં આ માહિતી આપવામાં આવી હતી.

**અચલા ફાઉન્ડેશન દ્વારા પ્રો. ડૉ. મધુસુદન વ્યાસનું સન્માન :**

અમદાવાદની જાણીતી શૈક્ષણિક સંસ્થા ''અચલા ફાઉન્ડેશન'' દ્વારા શામળાજી કૉલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રા. ડૉ. મધુસુદન વ્યાસનું સન્માન કરવામાં આવ્યું હતું. તેઓ છેલ્લા સાડા ત્રણ દાયકાથી સંસ્કૃતનું અધ્યાપન કરાવી રહ્યા છે. તેમના શતાધિક લેખો સંસ્કૃત-ગુજરાતી-હિન્દીમાં વિવિધ સામાયિકોમાં પ્રકાશિત થયા છે.


''ઘરશાળા'' માસિક પરિવાર તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે.

**જૂન-૨૦૨૬ થી ઘરશાળા માસિકના લવાજમમાં નીચે મુજબ ફેરફાર કરેલ છે. જેની નોંધ સૌ વાચક મિત્રોએ લેવી.**




**નવા લવાજમ અંગેની માહિતી**

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૨૫ | ₹ | ૨૨૫૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૬૦૦ | ₹ | ૬૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૧૦૦૦ | ₹ | ૧૦૦૦૦ |



## બૃહદ્ શુભેચ્છા કાર્યક્રમ - ૨૦૨૫-૨૬









## શૈક્ષણિક વિષયો પર મંતવ્યો રજૂ કરતાં શાળા પરિજનો













ઘરશાળા
જૂન-૨૦૨૬
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-

# અદના આદમીનું ગીત

અદના તે આદમી છઈએ,
હો ભાઈ, અમે અદના તે આદમી છઈએ.
ઝાઝું તે મૂંગા રહીએ,
હો ભાઈ, અમે અદના તે આદમી છઈએ.
વસ્તરના વણનારા, ખેતરના ખેડનારા,
ખાણના ખોદનારા છઈએ;
હોડીના હાંકનારા, મારગના બાંધનારા,
ગીતોના ગાનારા થઈએ,
હે જી અમે રંગોની રચનાય દઈએ!
છઈએ રચનારા અમે છઈએ ઘડનારા,
તે સંહારની વાતું નહીં સહીએ!
જીવતરનો સાથી છે સર્જન અમારો :
નહીં મોતના હાથા થઈએ,
હે જી એની વાતુંને કાન નહીં દઈએ!
હો ભાઈ, અમે અદના તે આદમી છઈએ.

- પ્રહલાદ પારેખ

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું